અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૮ ઓગસ્ટ ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ વદ આઠમ | અંક : ૧૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વોટની ટકાવારીની વાત કરીએ તો ઇન્ડિયા ગઠબંધનને ૨૪.૯ ટકા વોટ મળવાની ધારણા છે, અન્ય પાસે ૩૨.૬ ટકા વધુ વોટ શેર હોવાનો અંદાજ

## શું ભાજપ એકલા હાથે વર્ષ ૨૦૨૪ લોકસભાની ચૂંટણીમાં બનાવશે સરકાર?

। નવી દિલ્હી, તા.૭ ।

૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે ગયા મહિને એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના આધારે ભાજપની બેઠકોમાં ઘટાડો થવાનો અંદાજ છે. આ સર્વે India Tv CNX Survey દ્વારા ઈન્ડિયા ગઠબંધનની રચના પછી આગામી લોકસભા ચૂંટણી માટે જનતાના મૂડને માપવા માટે કરવામાં આવ્યો હતો. જેના પરિણામો ચોંકાવનારા છે. સર્વેના આંકડા મુજબ પીએમ મોદી ત્રીજી વખત પણ વડાપ્રધાન બની શકે છે. જો આમ થશે તો મોદી પંડિત જવાહરલાલ નેહરુ પછી સતત ત્રણ ટર્મ સુધી પીએમ બનવાના રેકોર્ડની બરાબરી કરશે. સર્વેમાં ભાજપના નેતૃત્વમાં એનડીએને જબરદસ્ત બહુમતી મળવાની આશા છે. એનડીએ ગઠબંધન ૩૧૮ સીટો જીતી શકે છે. જ્યારે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાને ૧૭૫ બેઠકો મળવાની ધારણા છે, જ્યારે અન્યને ૫૦ બેઠકો મળવાની ધારણા છે. વોટની ટકાવારીની વાત કરીએ તો ઈન્ડિયા ગઠબંધનને ૨૪.૯ ટકા વોટ મળવાની ધારણા છે. અન્ય પાસે ૩૨.૬ ટકા વધુ વોટ શેર હોવાનો અંદાજ છે. જ્યારે એકલા ભાજપને ૪૨.૫ ટકા વોટ મળી શકે છે. પોતાના દમ પર બેઠકો મેળવવાની વાત કરીએ તો કોંગ્રેસને ૬૬ બેઠકો જીતવાની આગાહી કરવામાં આવી છે જ્યારે ભાજપ પોતાના દમ પર ૨૯૦ બેઠકો જીતવાની ધારણા છે. જો કે આ આંકડા મુજબ ભાજપ અને એનડીએ બંનેની સીટોમાં ઘટાડો થયો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એનડીએને ૩૫૩ બેઠકો મળી હતી, જ્યારે ભાજપ એકલા હાથે ૩૦૩ બેઠકો જીતવામાં સફળ રહ્યું હતું. જેના આધારે એનડીએને ૩૫ અને ભાજપને ૧૩ બેઠકોનું નુકસાન થવાની ધારણા છે. આ હિસાબે કોંગ્રેસની બેઠકો વધવાની ધારણા છે. ગત લોકસભા ચૂંટણીમાં પાર્ટીને ૫૨ બેઠકો મળી હતી. તે દૃષ્ટિકોણથી આ વખતે દેશની સૌથી જૂની પાર્ટીને ૧૪ બેઠકો મળવાની ધારણા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એનડીએને ૩૫૩ બેઠકો મળી હતી, જ્યારે ભાજપ એકલા હાથે ૩૦૩ બેઠકો જીતવામાં સફળ રહ્યું હતું. જેના આધારે એનડીએને ૩૫ અને ભાજપને ૧૩ બેઠકોનું નુકસાન થવાની ધારણા છે. આ હિસાબે કોંગ્રેસની બેઠકો વધવાની ધારણા છે. ગત લોકસભા ચૂંટણીમાં પાર્ટીને ૫૨ બેઠકો મળી હતી.



### સર્વેમાં થયો મોટો ખુલાસો



એકલા ભાજપને ૪૨.૫ ટકા વોટ મળી શકે છે. પોતાના દમ પર બેઠકો મેળવવાની વાત કરીએ તો કોંગ્રેસને ૬૬ બેઠકો જીતવાની આગાહી કરવામાં આવી છે જ્યારે ભાજપ પોતાના દમ પર ૨૯૦ બેઠકો જીતવાની ધારણા છે. જો કે આ આંકડા મુજબ ભાજપ અને એનડીએ બંનેની સીટોમાં ઘટાડો થયો છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં એનડીએને ૩૫૩ બેઠકો મળી હતી, જ્યારે ભાજપ એકલા હાથે ૩૦૩ બેઠકો જીતવામાં સફળ રહ્યું હતું. જેના આધારે એનડીએને ૩૫ અને ભાજપને ૧૩ બેઠકોનું નુકસાન થવાની ધારણા છે. આ હિસાબે કોંગ્રેસની બેઠકો વધવાની ધારણા છે. ગત લોકસભા ચૂંટણીમાં પાર્ટીને ૫૨ બેઠકો મળી હતી. તે દૃષ્ટિકોણથી આ વખતે દેશની સૌથી જૂની પાર્ટીને ૧૪ બેઠકો મળવાની ધારણા છે.

---

### ન્યૂઝ બ્રિફ

#### સેન્સેક્સમાં ૨૩૨, નિફ્ટીમાં ૮૦ પોઈન્ટનો વધારો જોવાયો

। મુંબઈ, તા.૭ ।

સપ્તાહના પ્રથમ દિવસે શેર માર્કેટમાં તેજીનો માહોલ જોવા મળ્યો છે. પ્રથમ દિવસે કારોબારમાં બીએસઈ સેન્સેક્સ ૦.૩૫ ટકાના વધારા સાથે ૨૩૨.૨૩ પૉઈન્ટ ઉપર રહ્યો હતો, આ સાથે જ બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ ૬૫,૯૫૩.૪૮ પર બંધ રહ્યો હતો, તો વળી, એનએસઈ નિફ્ટી પણ આજે ઉપર રહ્યો હતો. કારોબારના અંતે આજે એનએસઈ ઈન્ડેક્સ નિફ્ટી ૦.૪૧ ટકા સાથે ૮૦.૩૦ની તેજી સાથે ૧૯,૫૯૭.૩૦એ બંધ રહ્યો હતો.

#### વિન્ડિઝ સામે હારથી સેમસનને નિવૃત્તી લેવાની ફેન્સની સલાહ

। બોર્બાડોસ, તા.૭ ।

ભારતીય ક્રિકેટ ટીમ હાલ વેસ્ટ ઈન્ડીઝના પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન ભારતીય ટીમને વેસ્ટ ઈન્ડીઝ સામે ૨ ટેસ્ટ મેચ, ૩ વનડે મેચ અને ૫ ટી૨૦ મેચોની સિરીઝ રમવાની છે. ટેસ્ટ અને વનડે સિરીઝ જીત્ય બાદ ભારતીય ટીમને પ્રથમ ટી૨૦ મેચમાં વેસ્ટ ઈન્ડીઝે ૪ રનથી હરાવ્યું હતું. આ દરમિયાન સિરીઝની બીજી ટી૨૦ મેચ ગઈકાલે ગુયાનામાં રમાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો.

---

**ક્રિસિલ દ્વારા ઈનપુટ કોસ્ટ** | **શાકભાજી-ફળોના ભાવ વધતા ગૃહિણીઓના ઘરનાં બજેટ ખોરવાયા**

## ઓગસ્ટમાં વેજ થાળીના ભાવમાં સરેરાશ ૩૪ ટકા જેટલો વધારો, ક્રિસિલનો અહેવાલ

। નવી દિલ્હી, તા.૭ ।

દેશભરમાં મોંઘવારીનો માર દરેક તબક્કા અને વર્ગના લોકો સહન કરી રહ્યા છે. શાકભાજી અને ફળોના ભાવમાં તોતિંગ વધારાના કારણે ગૃહિણીઓના ઘરના બજેટ વેરવિખેર થઈ ગયું છે. એવામાં ઓગસ્ટ મહિનાના એક સરવેમાં વેજ થાળીના ભાવમાં કેટલો વધારો નોંધાયો અને કયા કયા ૫ રિબળોએ ભાવ વધારામાં મુખ્ય ભૂમિકા ભજવી તેની જાણકારી આપવામાં આવી છે. લોકોના ભોજન સ્વાદ અને રસોડાનું બજેટ વેરવિખેર કરી નાખવામાં ટામેટાંની જ ભૂમિકા મુખ્ય માનવામાં આવી રહી છે. ક્રિસિલના અહેવાલ મુજબ, આ થાળીઓની સરેરાશ કિંમતમાં અગાઉના મહિનાઓની સરખામણીએ જૂન-જુલાઈ ૨૦૨૩ના મહિનામાં ઘરખમ વધારો જોવા મળ્યો છે.

### જુલાઈ મહિનામાં વેજ થાળીની સરેરાશ કિંમત ૩૩.૧ રૂપિયા રહ્યો છે



આ અહેવાલમાં દર્શાવ્યા મુજબ, શાકભાજી તેમાં પણ ખાસ કરીને ટામેટા અને રાંધણ તેલના ભાવમાં ભારે વધારાથી જુલાઈ મહિનામાં વેજ થાળીની કિંમત અનુક્રમે ૩૪ ટકા વધી છે. વેજ થાળીમાં વધારામાં મુખ્યભૂમિકા ભજવનાર ટામેટાની કિંમતમાં જૂન મહિનાની સરખામણીએ ભારે વધારો જોવા મળ્યો હતો. ૫ ાછલા મહિનાઓમાં પ્રતિકૂળ હવામાનને કારણે દેશના વિવિધ ભાગોમાં ટામેટાંના ભાવ તાજેતરમાં આસમાને પહોંચ્યા છે. જેના કારણે આ શાકભાજીના ભાવમાં એકંદરે વધારો થયો છે. દેશભરના મોટાં શહેરોમાં ટામેટાંની કિંમત ૧૦૦ રૂપિયાને વટાવી ગઈ છે. જૂનમાં જયારે ટામેટાના ભાવ ૩૩ પ્રતિ કિલો નોંધાયા હતા ત્યારે જુલાઈમાં તેમાં ભારે વધારા બાદ ૧૧૦ રૂપિયા પ્રતિ કિલો સુધી વધયા હતા. જે આ થાળીના ભાવ વધારા પાછળનું મુખ્ય કારણ સાબિત થઇ રહ્યું છે.

---

#### મૈતેઈ સમુદાયના ત્રણની હત્યા બાદ સ્થિતિ ગંભીર બની

## મણિપુરમાં મૈતેઈ દ્વારા પણ બીરેનસિંહના રાજીનામાની માગ

**બિરેન સિંહ સરકાર સામે એક નવો પડકાર ઉભો થયો**

। ઈમ્ફાલ, તા.૭ ।

મણિપુરના વિષ્ણુપુરના ક્વાટામાં મૈતેઈ સમુદાયના ત્રણ લોકોની હત્યા બાદ પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. તાજેતરમાં ચુરાચંદપુર અને વિષ્ણુપુરએ હિંસાનું કેન્દ્ર બન્યું છે. આ ઘટના બાદ એન.બીરેન સિંહની સરકાર સાથે ઉભેલુ મૈતેઈ સંગઠન પણ હવે તેમના વિરોધમાં જોવા મળી રહ્યું છે. એટલું જ નહીં તેમના રાજીનામાની માંગ પણ કરવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં બિરેન સિંહ સરકાર સામે એક નવો પડકાર ઉભો થયો છે. મૈતેઈ સંગઠને એન.બિરેન સિંહનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. દરમિયાન, કેન્દ્ર સરકારે મણિપુરમાં ૮૦૦ વધારાના કેન્દ્રીય સુરક્ષા દળો મોકલ્યા છે. કુકી પીપલ્સ એલાયન્સ અહીં એનડીએનું સાથી હતું. હવે આ પાર્ટીના બે ધારાસભ્યોએ સરકારમાંથી સમર્થન પાછું ખેંચી લીધું છે. બીજી તરફ, મણિપુર અખંડિતતા પર સંકલન સમિતિ (ઓસીઓએમઆઈ) કહે છે કે, મણિપુરની સરકાર તેના લોકોના જીવનની સુરક્ષા કરવામાં નિષ્ફળ રહી છે.

---


#### ભારત બીજી ટીર૦માં પણ વિન્ડીઝ સામે હાર્યુ

## ટીર૦માં સૌથી વધુ વિકેટ લેનાર હાર્દિક ત્રીજો ભારતીય બોલર

### ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ આ મામલે ઓફિ સ્પિનર અશ્વિનને પાછળ છોડી દીધો

। બાર્બાડોસ, તા.૭ ।

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટી૨૦ સિરીઝની બીજી મેચમાં ટીમ ઈન્ડિયાને ૨ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. જો કે આ મેચમાં કેપ્ટન હાર્દિક પંડ્યાનું બોલ અને બેટ બંને સાથે શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું. આ મેચમાં હાર્દિકે ૧૮ બોલમાં ૨૪ રનની ઈનિંગ રમી હતી. આ સાથે જ તેણે ૩ વિકેટ પણ ઝડપી હતી. બોલિંગની શરૂઆત કરતા પંડ્યાએ પહેલી જ ઓવરમાં ૨ વિકેટ ઝડપી હતી. હાર્દિકે ઈનિંગ્સના પહેલા જ બોલ પર વેસ્ટ ઈન્ડિઝ ટીમના ઓપનિંગ બેટ્સમેન બ્રેન્ડન કિંગને પેવેલિયન ભેગો કર્યો હતો. આ



પછી ઓવરના ચોથા બોલ પર હાર્દિકે જોન્સન ચાર્લ્સને તિલક વર્માના હાથે કેચ આઉટ કરાવીને વિન્ડીઝ ટીમને બીજો ઝટકો આપ્યો હતો. આ મેચમાં ૩ વિકેટ મેળવવાની સાથે હાર્દિકે એક મોટી સિદ્ધિ પણ હાંસલ કરી લીધી છે. હવે તે ભારતીય ટીમ તરફથી ટી૨૦ ઈન્ટરનેશનલમાં સૌથી વધુ વિકેટ લેનારો ત્રીજો ભારતીય બોલર બની ગયો છે. હાર્દિક પંડ્યાએ આ મામલે રવિચંદ્રન અશ્વિનને પાછળ છોડી દીધો છે, જેના નામે ૭૨ વિકેટ છે. હાર્દિકે ૮૯ મેચમાં ૭૩ વિકેટ ઝડપી છે. આ સાથે જ હાર્દિક ઈનિંગના પ્રથમ બોલ પર વિકેટ લેનારો ભુવનેશ્વર કુમાર બાદ ભારત તરફથી બીજો બોલર બની ગયો છે. ભુવનેશ્વરે અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩ વખત આ કારનામું કર્યું છે. હાર્દિક પંડ્યાએ ટી૨૦ ફોર્મેટમાં એક મોટો રેકોર્ડ પણ બનાવ્યો છે, જેમાં તે ૪૦૦૦ રન પૂરા કરવાની સાથે ૧૫૦ વિકેટ લેનારો પ્રથમ ભારતીય ખેલાડી બની ગયો છે.

---

**ભારત વિશ્વની પાંચમા નંબરની અર્થ વ્યવસ્થા છે**

## આઠ વર્ષમાં દેશમાં રોકાણમાં ૬૫ ટકાનો જંગી વધારો થયો

### દેશમાં ૪૪૩ અબજ ડોલરથી વધુનો એફડીઆઈનો પ્રવાહ જોવા મળ્યો

। નવી દિલ્હી, તા.૭ ।

ભારત દેશની અર્થવ્યવસ્થા વિશ્વની પાંચ નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. આ સાથે એવું અનુમાન પણ લાગવામાં આવી રહ્યું છે કે, વિકાસમાં થઈ રહેલા સતત વધારાથી ૨૦૨૭ સુધીમાં ૫ ટ્રીલીયનનો લક્ષ્યાંકને હાંસલ કરી લઈશું અને વિશ્વની અર્થવ્યવસ્થાઓમાં ત્રીજા સ્થાને પહોંચી જશું. તેમાં મહત્વનો ફાળો દેશમાં થઈ રહેલા રોકાણનો છે. દેશમાં ૨૦૧૪-૧૫ થી ૨૦૨૨-૨૩ વચ્ચે



રોકાણ રૂ. ૩૨,૭૮,૦૯૬ કરોડથી ૬૫ ટકા વધીને રૂ. ૫૪,૩૪,૬૯૧ કરોડ થવાની તૈયારીમાં છે.



# માત્ર ૧૩ વર્ષના બાળકે મોબાઈલ માટે ઘર છોડ્યું

## પોતાના પૈસે મોબાઈલ લેવા સગીરે શરૂ કરી મજૂરી, મોબાઈલની માયાજાળથી સાવધાન!

। વડોદરા, તા.૭ ।

સતત પોતાના કામમાં વ્યસ્ત રહેતા વાલીઓ માટે ચેતવણી રૂપ કિસ્સો સામે આવ્યો છે. આજના વ્યસ્તતા ભર્યા જીવનમાં વાલીઓ પોતાના કામના ચક્કરમાં બાળકોને મોબાઈલના ભરોસે મૂકી દેતા હોય છે ત્યારે વાલીઓની આ ભૂલ ખૂબ ગંભીર સાબિત થઈ શકે છે. વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં રહેતા એક મધ્યમ વર્ગીય પરિવારને એક મોબાઈલ રોવડાવી રહ્યો છે. એક નાનકડા મોબાઈલએ તેમના બાળકને ભણતરથી તો દૂર ધકેલી જ દિધો છે તો સાથે જ આ બાળકને પોતાના માતાપિતા કરતા મોબાઈલ વધુ પ્રિય લાગવા માંડ્યો છે. આ મધ્યમ વર્ગીય પરિવારમાં ચાર સભ્યો છે, જેમાં પતિ-પત્ની તેમજ બે દીકરા છે. એક દીકરાની ઉંમર ૧૩ વર્ષ તો બીજો દીકરો ૧૬ વર્ષનો છે. માતાપિતા બંને છૂટક કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે માતાપિતાની વ્યસ્તતા વચ્ચે ૧૩ વર્ષનો નાનો પુત્ર મોબાઈલના રવાડે ચઢી ગયો. હદ તો ત્યારે થઈ કે આ બાળકે મોબાઈલમાં ગેમ રમવા માટે પોતાના ઘર પરિવાર નો ત્યાગ કરી દિધો. સમગ્ર મામલે ઝી ૨૪ કલાક સાથે વાત કરતા બાળકના પિતા એ જણાવ્યું હતું કે મારો નાનો દીકરો ભણવા માં ખૂબ જ હોશિયાર હતો. પરંતુ એક મોબાઈલની લત એ તેને અંધકાર તરફ ધકેલી દિધો છે. થોડા સમય અગાઉ મારા દીકરાએ ગેમ રમવાની લાલચમાં શાળાના કોમ્પ્યુટર રૂમમાં રાતવાસો કર્યો હતો.

### ન્યૂઝ બ્રિફ

## બનાસકાંઠામાં વહેલી સવારે ભૂકંપના આંચકાથી અફરાતફરી

। બનાસકાંઠા, તા.૭ ।

એક તરફ ગુજરાતમાં આગામી લોકસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો છે. ત્યાં બીજી તરફ ભૂકંપના આંચકાથી પણ લોકોમાં ફફડાટ ઉભો થયો છે. દિલ્હી બાદ હવે ગુજરાતમાં પણ અનુભાવાયા છે ભૂકંપના આંચકા. વહેલી સવારે ગુજરાતના બનાસકાંઠામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. જેને કારણે લોકોમાં ભયનો માહોલ પ્રસરી ગયો છે. આજે વહેલી સવારે બનાસકાંઠા પંથકમાં ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં દોડાદોડી મચી હતી અને લોકો ઊંઘમાંથી ઉઠીને ઘરની બહાર દોડી આવ્યા હતા. ઉલ્લેખનીય છેકે, અવારનવાર ગુજરાતના બે જિલ્લામાં સૌથી વધારે ભૂકંપની ઘટનાઓ બનતી હોય છે. આ બે જિલ્લાઓમાં સૌથી પ્રમુખ છે કચ્છ અને બનાસકાંઠા જિલ્લો.

## લૂંટ કરવાના ઈરાદે વોચમેનની હત્યા કરનાર આરોપીઓ ઝડપાયા

। સુરત, તા.૭ ।

સુરતમાં પીસીબી પોલીસની ટીમે બાતમીના આધારે મધ્ય પ્રદેશના જાંબુઆથી આરોપી કેશરીયા મંગલીયા બારિયા, બાબુભાઈ વેસ્તા બારિયા તથા રમુભાઇ વેસ્તા બારિયાને ગામમાં આવતા જ ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે પકડાયેલા આરોપી કેશરીયાએ તેમના ગામના બીજા લોકોની સાથે મળી પોતાની કેશરીયા ગેંગ બનાવી ગેંગના માણસો અલગ અલગ શહેરોમાં મજુરી કામે જઈ ત્યાં નવા બાંધકામ વાળી સોસાયટીઓની રેકી કરી એકલ દોકલ મકાનમાં રહેતા લોકોને ટાર્ગેટ કરી ધાડ પાડી લૂંટ ચલાવતા હતા. વર્ષ ૨૦૧૦માં તેમની ગેંગના સભ્યો કાજુ માંગલીયા બારિયા, બીજીયા શાકરીયા બારીયા તથા રેવાભાઈ તેજાભાઈ બારીયા સુરત ખાતે રહેતા હતા અને તેઓએ રાંદેર મોરાભાગળ સુભાષ ગાર્ડન પાસે નવી બંધાતી સોસાયટી વૈષ્ણવદેવી ટાઉનશીપની રેકી કરી તેમાં ધાડ પાડવાનો પ્લાન ઘડ્યો હતો. રાત્રીના સમયે ગેંગના ૬ સભ્યો ચડ્ડી બનીયાન પહેરી જીવલેણ હથીયાર સાથે સોસાયટીમાં લૂંટ કરવા જતા ગેટ ઉપર હાજર ગનમેન તેમને જોઈ જતા તેણે પડકારતા ગેંગના લોકોએ તે વોચમેન ઉપર જીવલેણ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

### શખસે પત્ની સાથે જબરદસ્તી શરીર સંબંધ બાંધ્યા

## સુરતમાં ઉધાર ન ચૂકવી શકતા વેપારી ફસાયો

### આ અંગે ઘટનાક્રમ વધી જતા મહિલાએ પોલીસ સ્ટેશન ફરિયાદ કરી હતી : પોલીસ દ્વારા આરોપીની ધરપકડ

। સુરત, તા.૭ ।

બિઝનેસ પાર્ટનર્સ વચ્ચે અવાર નવાર રૂપિયાની લેવડ દેવડ થતી રહેતી હોય છે. તેવામાં આવો જ એક કિસ્સો સુરતમાં સામે આવ્યો છે. જેમાં એક વેપારીએ તેના પાર્ટનર પાસેથી અંગત કામ અને અન્ય કારણોસર રૂપિયા ઉછીના લીધા હતા. જોકે કટકે કટકે કરીને તેણે ૨ લાખ આસપાસ રૂપિયા તો જમા પણ કરાવી દીધા હતા. પરંતુ બાકીની રકમ બિઝનેસમાં ખોટ જતા તે ચૂકવી શક્યો નહોતો. હવે આ પ્રમાણે થતા મિત્રએ પણ કહ્યું કે આપણી દોસ્તીનું હું માન રાખું છું. મારી પાસે એક મસ્ત આઈડિયા છે કે જેથી તારુ બધુ દેવુ હું માફ કરી દઉ. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ મિત્રએ ત્યારપછી વેપારીને કહ્યું કે તું બસ તારી પત્ની સાથે મને થોડાત મહિનાઓ સુધી મનફાવે ત્યારે શરીર સંબંધ બાંધવા દેજે. આમ થતા જ જોવાજેવી થઈ ગઈ હતી.

પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે ત્યારપછી આ યુવક તેના વેપારી મિત્રના ઘરે વારંવાર આવતો જતો રહેતો હતો. તેની પત્ની સાથે તેને મિત્રતા થઈ અને ઉછીના રૂપિયા બાકી હતા એટલે તેની સાથે શરીર સંબંધ પણ બાંધતો હતો. એટલું જ નહીં શારિરિક મસ્તી અને અન્ય તમામ હદો પણ વટાવી દેતો હતો. જોકે તેને રૂપિયાની રકમ વસૂલવાનું કહેતા કહેતા ૧ વર્ષ થયો છતાં તે અવાર નવાર તે આ મહિલાના ઘરે આવી જતો હતો.

### સીરપમાંથી આલ્કોહોલ મળવાના કેસમાં ખુલાસો

## અમદાવાદ નજીક ચાંગોદરની ફેક્ટરીમાં બનતી હતી સીરપ

### અમદાવાદના એક શખ્સે ચાંગોદરમાં ફેક્ટરી ખોલીને આલ્કોહોલ યુક્ત આયુર્વેદિક દવા બનાવતો હતો

। ખંભાળિયા, તા.૭ ।

ખંભાળિયા શહેરમાંથી આયુર્વેદિક સીરપની બોટલોમાં આલ્કોહોલ મળવાના કેસમાં મોટો ખુલાસો થયો છે. આ સીરપ અમદાવાદ નજીક ચાંગોદરની એક ફેક્ટરીમાં બનતી હોવાનું સામે આવ્યું છે. તપાસમાં સામે આવેલી માહિતી મુજબ, અમદાવાદના એક શખ્સે ચાંગોદરમાં ફેક્ટરી ખોલીને આ ફેક્ટરીમાં આલ્કોહોલ યુક્ત આયુર્વેદિક દવા બનાવતો હતો અને આ નશીલી દવા રાજ્યના અલગ-અલગ જિલ્લામાં મોકલતો હતો. સમગ્ર ઘટનાની વાત કરીએ તો, દેવભૂમિદ્વારકાની ન્ઝમ્એ ખંભાળિયાના જોધપુર ગેટ વિસ્તારમાં આવેલી એક ટ્રકમાં ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાંથી કાલ મેઘસવા નામની સીરપની ૪ હજાર બોટલ મળી આવી હતી. આ સીરપની તપાસ કરતા ધ્યાને આવ્યું કે આતો સેલ્ફ જનરેટેડ આલ્કોહોલ યુક્ત સીરપ છે.

ત્યારબાદ પોલીસે ૬ લાખની સીરપ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે સીરપ કબજે કર્યા બાદ વધુ તપાસ કરી તો ચોંકવનારા ખુલાસા થયા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, ખોટા દસ્તાવેજ ઉભા કરીને ફેક્ટરી શરૂ કરવામાં આવી હતી અને સીરપ બનાવવાની મંજૂરી લેવામાં આવી હતી. આ મામલે પોલીસે તપાસ બાદ દેવભૂમિદ્વારકાના ભાણવડ તાલુકાના વતની અને હાલ અમદાવાદના વસ્ત્રાપુરમાં રહેતા ભરત નકુમ નામના યુવકની ધરપકડ કરી ચાર દિવસના રિમાન્ડ પર મોકલી દેવામાં આવ્યો હતો. રિમાન્ડ દરમિયાનની પૂછપરછમાં પોલીસે આરોપી પાસેથી કેટલીક માહિતી મેળવી હતી. ફેક્ટરી પરથી વધુ ૧૨ લાખનો મુદ્દામાલ સાથે ૮૪૦ લીટર આલ્કોહોલ મળી આવ્યો છે. આરોપીઓએ આપેલી માહિતી મુજબ, આલ્કોહોલ, સિટ્રિક એસિડ, સ્વીટનર, ફલેવર એટલે કે, ફ્રુટ બિયરને પાણીમાં ભેળવીને આ આયુર્વેદિક દવા તૈયાર કરવામાં આવતી હતી. ત્યારબાદ મશીન મારફતે બોટલને સીલ બંધ કરવામાં આવતી હતી.

## ૪૮ વર્ષીય પાડોશીએ સગીરાને રૂમમાં ખેંચી શારીરિક અડપલા કર્યા

। માંગરોળ, તા.૭ ।

ગુજરાતીમાં કહેવત છે પહેલો સગો પડોશી પણ આ કહેવત માંગરોળ તાલુકામા ખોટી સાબિત થઈ છે. માંગરોળ તાલુકાના એક ગામમાં પાડોશીએ જ ૧૦ વર્ષની માસૂમ બાળા પર નજર બગાડી હતી અને તેઓને રૂમમાં લઇ લઈને શારીરિક અડપલાં કર્યા હતા. ઘટનાની જાણ પોલીસને કરતા પોલીસે ગણતરીની કલાકોમાં હવસખોર પાડોશીને દબોચી લીધો હતો.

સુરત જિલ્લામાં વધુ એક શર્મનાક ઘટના સામે આવી હતી. માંગરોળ તાલુકાના એક ગામમાં ૧૦ વર્ષની સગીરા તેઓની બહેન સાથે એકલી ઘરે હતી. તે દરમિયાન બાજુની રૂમમાં જ રહેતો ૪૮ વર્ષીય પાડોશીએ સગીરાની બહેનને રૂપિયા આપી દુકાન પર મોકલી આપી હતી અને એકલતાનો લાભ લઈને ૧૦ વર્ષની સગીરા પર નજર બગાડી તેને રૂમમાં ખેંચી ગયો હતો અને સગીરાના છાતીના ભાગે હાથ ફેરવી શારીરિક અડપલા કર્યા હતા. તેમજ શોર બકોર કર્યો હતો. જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# જિવિત મહિલાનું ડેથ સર્ટિફિકેટ ઘરે આવતા ભારે હોબાળો થયો

। વડોદરા, તા.૭ ।

શહેરમાં એક વિચિત્ર ઘટના બની હતી જ્યારે સરકારી ચોપડે જે વિધવા મહિલા મૃત હતી તે અચાનક જીવતી આવતા બધા ચોંકી ગયા હતા. કિસ્સો આમાં એવો છે કે એક મહિલા હાંડોદ ગામમાં રહેતા હતા. જ્યાં વિધવાને મહિલાનું ડેથ સર્ટિફિકેટ ઘરે આવી ગયું હતું. જોકે આ મહિલા જીવતા હતા છતાં કેવી રીતે આ પ્રમાણે ઘટના ઘટી એ અંગે પરિવારજનો વિચારતા થઈ ગયા હતા. ત્યારપછી વિગતે તપાસ થઈ અને જાણવા મળ્યું કે એક જ નામ અને અટકના ૨ મહિલાઓના નામ અદલ બદલ થઈ જતા આ સમગ્ર મામલો સામે આવ્યો હતો. જોકે ત્યારપછી પરિવારે આ મહિલા જીવિત છે એનું પ્રમાણ પત્ર લઈને દોડવું પડ્યું હતું. વિધવાના આઘાતગ્રસ્ત પરિવારે સ્થાનિક કચેરીમાં જઈને આ અંગે અરજી કરી હતી. જ્યાં સમગ્ર ઘટનાક્રમ પર ફોડ પાડવામાં આવ્યો હતો. જોકે ૨૭ જુલાઈએ મૃત્યુનુ પ્રમાણપત્ર જે છે તે ઈશ્યૂ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે એક જ વિસ્તારમાં રહેતા તથા સમાન નામ અને અટક વાળા મહિલાનું SSG હોસ્પિટલ ખાતે અવસાન થયું હતું. જેમાં જે જીવિત મહિલા હતા તેના નામની આગળ મૃત લખાઈ ગયું અને જેમનું મૃત્યુ થયું હતું તેઓ હજુ જીવિત છે એ પ્રમાણે કન્ફ્યૂઝન થતા ચકચાર મચી ગઈ હતી. જોકે હવે આને વિગતે નોંધ લેતા એ જાણવા મળ્યું કે બંનેના જિલ્લા અલગ અલગ છે. જેથી કરીને તારણ કાઢવામાં સરળતા રહી હતી. હોસ્પિટલ સ્ટાફે કહ્યું કે ''અમે અમારા તમામ રેકોર્ડ તપાસ્યા છે અને અમારા તરફથી કોઈ ભૂલ નથી. અમારા કેસ પેપર્સ સ્પષ્ટપણે ઉલ્લેખ કરે છે કે દર્દી છોટા ઉદેપુરના સંખેડા તાલુકાના હાંડોદ ગામની હતી. '' રાજ્ય સંચાલિત SSG હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. રંજન ઐયરે જણાવ્યું હતું કે આ અંગે અમે વધારે તપાસ પણ કરી દીધી હતી. હકીકતમાં, જ્યારે દર્દીને દાખલ કરવામાં આવી હતી, ત્યારે હોસ્પિટલે પુરાવા તરીકે તેના આધાર દસ્તાવેજો એકત્રિત કર્યા હતા. જેમાં સંખેડા તાલુકાના હાંડોદ ગામનો પણ ઉલ્લેખ છે જે છોટાઉદેપુર અલગ જિલ્લો બને એ પહેલા વડોદરાનો ભાગ હતો, વળી ડો. અય્યરે કહ્યું કે હું આ દર્દીને ખાસ કરીને જાણું છે કારણ કે તે હોસ્પિટલમાં કામ કરતા ડ્રાઈવરના સાસુ હતા. જેથી મોટાભાગે દસ્તાવેજોમાં ભૂલ એટલી બધી ન થઈ શકે. VMCના તબીબી અધિકારી (આરોગ્ય) ડૉ. દેવેશ પટેલે જણાવ્યું હતું કે સિસ્ટમમાં હોસ્પિટલો દ્વારા ડેટા દાખલ કરવામાં આવે છે. ડેટા દાખલ કરવામાં અમારી કોઈ ભૂમિકા નથી. તે સંબંધિત હોસ્પિટલો દ્વારા દાખલ કરવામાં આવેલા સમાન છે.'' જન્મ અને મૃત્યુ નોંધણી કાર્યાલય વીએમસીના આરોગ્ય વિભાગ હેઠળ છે. જો VMC અધિકારીઓનું માનીએ તો, જ્યારે કેસ પેપરમાં છોટા ઉદેપુરના હાંડોદનું સરનામું હોઈ શકે છે.

## કોન્ટ્રાક્ટરની કારમાંથી બે શખ્શો રુપિયા ભરેલી બેગ તફડાવી ફરાર

। વાપી, તા.૭ ।


વાપીના ગીતાનગર વિસ્તારમાંથી ૧૦ લાખ રુપિયા ભરેલી બેગ તફડાવીને બે યુવકો ફરાર થઈ ગયા હતા. ટુ-વ્હીલર પર આવેલા બે શખ્શોએ કારમાંથી આ બેગને તફડાવી લીધી હતી. દમણની એક કંપનીના લેબર કોન્ટ્રાક્ટરની ગાડીમાંથી વાપીમાં પૈસા ભરેલી બેગ યુવકો ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. વાપી શહેરમાં આવેલા ગીતાનગર વિસ્તારમાં આ ઘટના બની હતી. આંગડીયા પેઢીમાંથી ૧૦ લાખ રુપિયાની રકમ ઉપાડીને દમણ જવા નિકળ્યો હતો. ત્યારે જ સિફતાઈથી ટુવ્હીલર પર આવેલા બે શખ્શો રકમ ઉપાડીને ફરાર થઈ ગયા હતા. લેબર કોન્ટ્રાક્ટર કંપનીએ જવા માટે નિકળ્યો હતો એ દરમિયાન તેની કારમાંથી બે અજાણ્યા શખ્શો રકમ લઈને ફરાર થઈ ગયા હતા. ત્યારે જ સિફતાઈથી ટુવ્હીલર પર આવેલા બે શખ્શો રકમ ઉપાડીને ફરાર થઈ ગયા હતા. લેબર કોન્ટ્રાક્ટર કંપનીએ જવા માટે નિકળ્યો હતો એ દરમિયાન તેની કારમાંથી બે અજાણ્યા શખ્શો રકમ લઈને ફરાર થઈ ગયા હતા. જોકે આ ઘટનાના CCTV ફૂટેજ સામે આવ્યા છે. CCTV માં સમગ્ર ઘટના કેદ થઈ ગઈ છે. સ્થાનિક પોલીસે હવે આરોપીઓને ઝડપવા માટે કેવી કાર્યવાહી કરે છે.

## વિશેષ લેખ

### વાદળ કેમ અને કેવી રીતે ફાટે છે ?, વાદળ ફાટવાની ઘટનાનું વિજ્ઞાન

# વાદળ ફાટવાની ઘટના આશરે પૃથ્વીની સપાટીથી ૧૫ કિલોમીટર જેટલી ઊંચાઈ પર થતી હોય છે

### પર્વતમાળાના પહાડો સાથે ટકરાઇને ફાટે છે ત્યારે તે ક્ષેત્રમાં ૭૫ મિમી/કલાકના દરથી વરસાદ થતો હોય છે...



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

ગુજરાતીમાં કહેવત છે કે મારે માથે આભ ફાટ્યું.. માથે ચિંતાના વાદળો છવાયા છે એવા રૂઢિપ્રયોગો જયારે વાસ્તવિકતા ધારણ કરે છે ત્યારે ખરેજ ચિંતાનો વિષય બને છે. ચોમાસામાં ભારે વરસાદ, પૂર તો તબાહી લાવે જછે. પણ જયારે ખરેખર વાદળ ડુંગર સાથે અથડાય ત્યારે રીતસરનું વાદળ ફાટે છે અને જયારે વાદળ ફાટે ત્યારે તેમાં પાણીનો જથ્થો અને ફોર્સ એટલો બધો હોય છે કે જ્યાં વાદળ ફાટે ત્યાં નીચે તબાહીનું તાંડવ જ સર્જાય છે.

**આજે આપણે વાદળ કેમ અને કેવી રીતે ફાટે છે તેની વિજ્ઞાનિક માહિતી જાણવાનો પ્રયત્ન કરીએ.**

વાદળ ફાટવું, એને મેઘસ્ફોટ, મૂસળધાર વૃષ્ટિ પણ કહેવામાં આવે છે. અંગ્રેજીમાં" ક્લાઉડ બર્સ્ટ "તરીકે ઓળખાય છે. જે ખરેખર તો વરસાદનું એક વરવુંબિહામણુ રૂપ જ છે. આ ઘટનામાં વરસાદની સાથે ક્યારેક ક્યારેક ગર્જના સાથે કરા પણ પડતા હોય છે. સામાન્યતઃ વાદળ ફાટવાને કારણે માત્ર થોડી મિનિટના સમયમાં જ મૂસળધાર વરસાદ થતો હોય છે, પરંતુ આ વખતે એટલું પાણી વરસે છે કે તે ક્ષેત્રમાં પૂર જેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ જતી હોય છે. વાદળ ફાટવાની ઘટના આશરે પૃથ્વીની સપાટીથી ૧૫ કિલોમીટર જેટલી ઊંચાઈ પર થતી હોય છે, આને કારણે થતી વર્ષા લગભગ ૧૦૦ મિલીમીટર પ્રતિ કલાક જેટલા ભારે દરથી થતી હોય છે. થોડી જ મિનિટ જેટલા સમયમાં ૨ સેન્ટિ મીટરથી પણ અધિક વર્ષા થતી હોય છે, જેને કારણે ભારે તબાહી થતી હોય છે. જ્યારે વાદળો એક જગ્યાએ ભેગા થઈ જાય ત્યારે વાદળ ફાટવાની ઘટના બને છે. વાદળમાં રહેલા પાણીના ટીપા એકબીજા સાથે ભળી જાય છે. પાણીનો ભરાવો થઈ જવાને કારણે વાદળનો ભાર વધી જાય છે અને અચાનક વરસાદ વરસવા લાગે છે. વાદળ ફાટવાથી ૧૦૦ મિમી પ્રતિ કલાકની ઝડપે વરસાદ વરસે છે. મોસમ વિજ્ઞાનના જણાવ્યા અનુસાર જ્યારે વાદળ ભારે માત્રામાં આદ્રતા એટલે કે પાણી લઈને આસમાનમાં ચાલતાં હોય અને તેના માર્ગમાં કોઈ બાધા આવી જાય છે, ત્યારે વાદળ અચાનક ફાટી પડે છે, એટલે કે સંઘનન ખુબ જ ઝડપથી થતું હોય છે. આ સ્થિતિમાં એક સીમિત વિસ્તારમાં કેટલાય લાખ લીટર પાણી એક સાથે ધરતી પર પડતું હોય છે, જેના કારણે તે ક્ષેત્રમાં તેજ વહેણ ધરાવતું પૂર ધસમસતું આવે છે. આ પાણીના તેજ પ્રવાહના રસ્તામાં આવતી દરેક વસ્તુ ક્ષતિગ્રસ્ત થઈ જતી હોય છે. ભારત દેશના સંદર્ભમાં જોઇએ તો દર વરસે ચોમાસાના સમયે ભેજ લઈને જતાં વાદળો ઉત્તર દિશા તરફ આગળ વધે છે, ત્યારે હિમાલય પર્વતમાળાના પર્વતો એક મોટા અવરોધકના રૂપમાં સામે આવતો હોય છે. વાદળ ફાટવાનો મતલબ એ નથી થતો કે વાદળના ટુકડા થયા હોય. હવામાન વૈજ્ઞાનિક અનુસાર, જ્યારે એક જગ્યા પર અચાનક એકસાથે ભારે વરસાદ પડે તેને વાદળ ફાટવુ કહે છે. તમે એમ સમજી શકો છો કે પાણીથી ભરેલા ફૂગ્ગાને ફોડવામાં આવે તો બધુ જ પાણી એક જગ્યાએ જ પડવા લાગે છે. તેવી જ રીતે વાદળ ફાટવાથી પાણી અચાનકથી જમીન પર પડવા લાગે છે. વાદળ ફાટવાને ફ્લેશ ફ્લડ અથવા તો ક્લાઉડ બર્સ્ટ પણ કહેવાય છે. અચાનકથી ઝડપથી ફાટીને વરસાદ કરતા વાદળોને પ્રેગ્નેન્ટ ક્લાઉડ પણ કહે છે.



વાદળ ફાટવું એક પ્રાકૃતિક ઘટના છે, જ્યારે વાદળ ફાટે છે ત્યારે અચાનક તેજ વરસાદ શરૂ થઈ જાય છે અને હાલાત પૂરઅને તોફાન જેવા થઈ જાય છે. આ બધું 'પ્રેગ્નેન્ટ ક્લાઉડ'ને કારણે થાય છે. પ્રેગ્નેન્ટ ક્લાઉડનો મતલબ કે પાણીથી ભરેલું વાદળ, જે કોઈ અન્ય વાદળ સાથે કે ટકરાય તો પ્રલયના રૂપમાં વરસે છે. જ્યારે કોઈ ગરમ હવાનો પ્રવાહ આવા વાદળ સાથે અથડાઈ છે ત્યારે પણ તેના ફાટવાની શક્યતાઓ વધી જાય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ૨૬ જુલાઈ, ૨૦૦૫ના દિવસે મુંબઈ શહેરમાં વાદળ ફાટવાની ઘટના થઈ હતી, ત્યારે ત્યાં વાદળ કોઈ પર્વત જેવી ઠોસ વસ્તુ સાથે નહીં પરંતુ ગરમ હવા સાથે ટકરાઈ હતી.

**વાદળ કેવી રીતે બને છે?:-**

વૈજ્ઞાનીક ભાષામાં વાદળ એ હવા અને પાણી કે બરફનું કલીલ દ્રાવણ છે. વાદળોનો અભ્યાસ મોસમ વિજ્ઞાન અંતર્ગત કરવામાં આવે છે. જ્યારે હવા ઠંડી પડવાથી કે પછી વધુ પડતા ભેજના કારણે સંતૃપ્ત થઈ જાય છે ત્યારે બાષ્પ હવામાં મોજુદ કણો ઉપર જામી ફરીથી પ્રવાહી સ્વરૂપ ધારણ કરે છે. અને જો તાપમાન વધુ પડતુ ઠંડુ હોય તો પાણીનું ટીપું બરફ કણમાં ફેરવાય છે. શરૂઆતના કણ કે ટીપાંના કદ અત્યંત સુક્ષ્મ હોય છે. સાનુકુળ પરિસ્થિતીમાં હવામાં મોજુદ બાષ્પ આવા ટીપાંઓ પર ઠંડી પડી તેનું કદ વધારી શકે છે. તે ઉપરાંત બે ટીપાંઓના એકબીજામાં વિલિનીકરણથી પણ તેમનું કદ વધી શકે છે. જ્યારે ટીપાંઓનું કદ પર્યાપ્ત માત્રામાં વધી જાય છે, ત્યારે આ ટીપાં વરસાદ સ્વરૂપે વરસે છે.

વાતાવરણમાં સંવહન (convection)ની પ્રક્રિયા દરમ્યાન રૂના ઢગ જેવા વાદળ બને છે, જેને અંગ્રેજીમાં ક્યુમ્યુલસ વાદળ કહેવાય છે. આકાશમાં થરની જેમ છવાઈ જતાં વાદળાં સ્ટ્રેસ્સ તરીકે અને બહુ ઉંચે આકાશમાં બનતા તાંતણા જેવા વાદળ સિરસ તરીકે ઓળખાય છે. મોટાભાગના વાદળો પૃથ્વીના ક્ષોભમંડળમાં નિર્માણ પામે છે. ક્યારેક સમતાપમંડળ કે મેસોસ્ફિયર (mesosphere)માં પણ વાદળાં જોવા મળી જાય છે. પૃથ્વી સિવાય સુર્યમંડળના અન્ય ગ્રહો અને ચંદ્રો પર પણ વાદળ જોવા મળે છે. તેમના વિશિષ્ટ તાપમાન અને વાતાવરણીય વાયુઓના કારણે ત્યાં મિથેન, એમોનિયા અને સલ્ફ્યુરીક એસિડના વાદળ બને છે. ભારત દેશમાં બંગાળની ખાડી અને અરબ સાગર માંથી આવતાં ચોમાસાનાં વાદળો જ્યારે ઉત્તર દિશા તરફ આગળ વધતાં હોય, ત્યારે તેનો હિમાલય પર્વતમાળા ક્ષેત્રમાં ફાટવાનું જોખમ સૌથી અધિક રહેતું હોય છે. જ્યારે આ વાદળ હિમાલય પર્વતમાળાના પહાડો સાથે ટકરાઈને ફાટે છે ત્યારે તે ક્ષેત્રમાં ૭૫ મિમી/કલાકના દરથી વરસાદ થતો હોય છે. ભારત દેશમાં વાદળ ફાટવાની સૌથી વધારે ઘટનાઓ હિમાચલ પ્રદેશમાં થતી હોય છે. ૨૬ જુલાઈ ૨૦૦૫ના રોજ ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં વાદળ ફાટવાની ઘટના થઈ જેના કારણે આખું શહેર જળમય થઈ ગયું હતું. એવી જ રીતે ૧૮ જુલાઈ ૨૦૦૯ના દિવસે પાકિસ્તાનમાં આવેલા શહેર કરાચી ખાતે વાદળ ફાટવાને કારણે ભારે તબાહી થઈ હતી, જ્યાં માત્ર બે કલાક જેટલા સમયમાં ૨૫૦ મિમી વર્ષા નોંધાઈ હતી. ૬ ઓગસ્ટ, ૨૦૧૦ના રોજ ભારતીય રાજ્ય જમ્મૂ અને કશ્મીરમાં આવેલા લદ્દાખ ક્ષેત્રના મુખ્ય શહેર લેહમાં ઉપરાઉપરી ઢંગથી ફાટેલાં કેટલાંય વાદળોએ લગભગ આખા પુરાણા લેહ શહેરને તબાહ કરી દિધું. આ ઘટનામાં ૧૧૫ લોકોનાં મૃત્યુ થયાં તેમ જ ૩૦૦થી પણ અધિક લોકો ઘાયલ થયા હતા

ચોમાસામાં વરસાદને કારણે આવી ખતરનાક ઘટનાઓ ઘટતી રહે છે. પૂર, ભૂસ્ખલન અને વાદળો ફાટવાની ઘટનાઓ ઘટતી હોય છે. હાલમાં જ જમ્મુમાં વાદળ ફાટવાનો બનાવ બન્યો હતો . એ પહેલા પણ ઉતરાખંડમાં આવા ઘણા બનાવો બન્યા છે. આ એક એવી ઘટના છે જેનું પૂર્વાનુમાન કોઈ પણ રીતે લાગી શકતું નથી. આ ઘટના વધુ પર્વતીય વિસ્તારમાંવધુ થતી હોય છે વાદળ ફાટવું એટ્લે અચાનક એક સાથે ખૂબ જ વરસાદ આવે એવું લાગે. જાણે વરસાદ નથી આવતો પણ આકાશમાંમાં કોઈ ટાંકી ફૂટી ગઈ હોય એવું લાગે છે. આવી વિચિત્ર ઘટનાને વાદળ ફાટવું કહેવામા આવે છે. ટેકનીકલી એ એરિયામાં ૧૦ સેમીથી વધુ વરસાદ એક કલાકની અંદર થાય છે તેને વાદળ ફાટવું કહેવામાં આવે છે. આટલા પ્રમાણમાં પાણી પડવાથી માણસોને વધુ તકલીફ પડતી નથી પણ સંપતિને ઘણું નુકસાન થાય છે. પર્વતીય વિસ્તારોમાં આવું થવાથી ભૂસ્ખલનની ઘટનાઓ વધુ થાય છે. ભારતીય મોસમ વિભાગના ડાયરેક્ટર જનરલ મૃત્યંજય મહાપાત્રા સમજાવે છે કે જ્યારે ગરમ ચોમાસાની પવન ઠંડા પવન સાથે અંતરક્રિયા કરી તે ખૂબ મોટા વાદળો બનાવે છે. આ ભૂમિ સ્વરૂપો અને પર્વતીય પરિબળોને કારણે પણ હોઈ શકે છે.



વહેલી સવારે સીજી રોડ પર બે કારની વચ્ચે અકસ્માત થયો હતો.

### અનેકવાર દુષ્કર્મ આચરી મુંબઈ લઈ ગયો

# ઇન્સ્ટાગ્રામમાં હિન્દુ નામ રાખીને વિધર્મીએ સગીરાનું અપહરણ કર્યું

## જામનગરના રોજી પેટ્રોલ પંપ નજીકના વિસ્તારમાં રહેતી એક સગીરાને મુસ્લિમ શખ્સે પ્રેમજાળમાં ફસાવી હતી

। જામનગર, તા.૧ ।

શહેરમાં લવ જેહાદના ષડયંત્ર હેઠળ પરપ્રાંતિય દ્વારા સગીરાને ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી જવાનો કિસ્સો સામે આવ્યો છે. મૂળ ઉત્તર પ્રદેશનો મુસ્લિમ શખ્સ ઈન્સ્ટાગ્રામમાં હિન્દુ નામ ધારણ કરી સગીરાને પ્રેમજાળમાં ફસાવી ઉઠાવી ગયાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. જામનગર પોલીસે મુંબઈના નાલાસોપારા વિસ્તારમાંથી સગીરા સાથે આરોપીને ઝડપી લીધો છે અને રિમાન્ડ ઉપર પણ લીધો છે. જામનગરના રોજી પેટ્રોલ પંપ નજીકના વિસ્તારમાં રહેતી એક સગીરા સાથે મુસ્લિમ શખ્સે ઈન્સ્ટાગ્રામમાં હિન્દુ નામ ધારણ કરી મિત્રતા કેળવી હતી અને પ્રેમજાળમાં ફસાવી બે વર્ષ પહેલાં સગીરાનું અપહરણ કરી ગયો હતો. જામનગર પોલીસની તપાસના અંતે મુંબઈના નાલાસોપારામાંથી આરોપીને સગીરા સાથે ઝડપી લીધો છે. જેને જામનગર લઈ આવ્યા પછી તેની અટકાયત કરી લઈ તેની સામે દુષ્કર્મ અંગેની કલમ તેમજ પોક્સો એક્ટ અને એસ્ટ્રોસિટીની કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે. આરોપીએ ઈન્સ્ટાગ્રામમાં હિન્દુ નામ ધારણ કરીને યુવતી સાથે મિત્રતા કેળવી હોવાથી તે ઈન્સ્ટાગ્રામના એકાઉન્ટની ઊંડાણપૂર્વકની તપાસ અને કોલ ડિટેઈલના આધારે આરોપીને શોધી કાઢ્યો હતો.

### ન્યૂઝ બ્રિફ

## પત્નીએ પ્રેમી સાથે મળીને પતિને પતાવી દીધો




। નવસારી, તા.૭ ।

નવસારીના આસુંદર ગામે અઠવાડિયા અગાઉ સાતખાડીના ભરવાડ યુવાનનો મૃતદેહ નજીકના કૂવામાંથી મળતા પરિવાર પર આભ તુટી પડ્યું હતું. પરંતુ પોલીસની તપાસમાં બાળકો જણવામાં અસમર્થ યુવાનની પત્નીએ બે બાળકોને જન્મ આપ્યો હતો. જે મુદ્દે યુવાનના તેના પત્ની સાથે થતા ઝઘડા અને મૃતક યુવાન સાથે ઘટના પૂર્વે દેખાયેલા તેના કૌટુંબિક ભાઈ અને તેના મિત્રની શંકાને આધારે પૂછપરછ કરતા અકસ્માતની ઘટના નહીં પણ આયોજનબદ્ધ રીતે કરાયેલી હત્યાનો ભેદ ખૂલ્યો હતો. જેમાં ગ્રામ્ય પોલીસે પત્ની, તેના પ્રેમી અને રૂપિયા આપીને હત્યામાં સામેલ કરેલા પ્રેમીના મિત્રની ધરપકડ કરી તપાસને વેગ આપ્યો છે. નવસારી તાલુકાના આસુંદર ગામના સાતખાડી વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય સાદુળ મેપા મીર (ભરવાડ) નો મૃતદેહ ગત ૩૦ જુલાઈ, ૨૦૨૩ ના રોજ ઘરથી અંદાજે ૨ કિમી દૂર ખેતરાડીમાં આવેલા કૂવામાંથી મળ્યો હતો. પ્રથમ સાદુળ અકસ્માતે પડ્યો હોવાનુ માની નવસારી ગ્રામ્ય પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસને વેગ આપ્યો હતો. જેમાં મૃતકના ભાઈની પૂછપરછમાં જ્યાંથી સાદુળનો મૃતદેહ મળ્યો હતો એ વિસ્તારથી એ પરિચિત હતો. કૂવો ક્યાં છે, કેવો છે, એ માહિતી હતી. જેથી પોલીસને થોડી શંકા ગઈ અને તપાસની દિશા બદલી હ્યુમન ઈન્ટેલિજન્સ, સાદુળના કોલ રેકોર્ડ તેમજ આસપાસના સીસીટીવી કેમેરા ખંગાળતા મરોલી ચાર રસ્તા નજીક સાદુળ સાથે અન્ય બે લોકો જણાયા હતા. જેથી પોલીસે અન્ય બે લોકો કોણ હતા. એની તપાસ કરતા સાદુળનો કૌટુંબિક ભાઈ ૨૫ વર્ષીય મેહુલ સેલા મીર (ભરવાડ) અને આસુંદરના ભવાની ફળિયામાં રહેતો ૩૨ વર્ષીય અનિલ ઉર્ફે કાળુ સુમન હળપતિ હોવાનું ખુલ્યું હતું. જેથી બંનેને પૂછપરછ માટે બોલાવતા તેઓ ગોળ ગોળ વાતો કરતા પોલીસને તેમના પર શંકા ગઈ અને કડકાઈથી પૂછપરછ કરતાં બંને ભાંગી પડ્યા હતા અને બંનેએ સાથે મળી સાદુળ મીરની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી.

### મણિપુરમાં ફરી હિંસા ભડકી

# બિષ્ણુપુરમાં મૈતેઈ સમુદાયના 3 લોકોની હત્યા કરવામાં આવી

## ઉપદ્રવીઓએ અનેક ઘરોમાં પણ આગચંપી કરી હતી

। ઈમ્ફાલ, તા.૫ ।

મણિપુરમાં એકવાર ફરીથી હિંસા ભભૂકી ઉઠી છે. બિષ્ણુપુર જિલ્લામાં શુક્રવારે રાતે મૈતેઈ સમુદાયના ૩ લોકોની હત્યા કરી નાખવામાં આવી છે. આ ઉપરાંત ઉપદ્રવીઓએ અનેક ઘરોમાં પણ આગચંપી કરી. બિષ્ણુપુર પોલીસે જણાવ્યું કે મૈતેઈ સમુદાયના ૩ લોકોની હત્યા કરવામાં આવી. આ ઉપરાંત કુકી સમુદાયના લોકોના ઘરમાં આગ લગાડવામાં આવી. પોલીસ સુત્રોનું કહેવું છે કે કેટલાક લોકો બફર ઝોનને પાર કરીને મૈતેઈ વિસ્તારમાં આવ્યા અને તેમણે મૈતેઈ વિસ્તારમાં ફાયરિંગ કર્યું. બિષ્ણુપુર જિલ્લાના ક્વાક્ટા વિસ્તારથી બે કિમી આગળ સુધી કેન્દ્રીય દળોએ બફર ઝોન બનાવ્યા છે. આ અગાઉ ગુરુવારે સાંજે બિષ્ણુપુરમાં અનેક જગ્યાઓ પર ફાયરિંગ બાદ સ્થિતિ તણાવપૂર્ણ બની હતી. અનિયંત્રિત ભીડની સુરક્ષાદળો સાથે ઘર્ષણ થયું. મણિપુર પોલીસ તરફથી જણાવવામાં આવ્યું કે સુરક્ષાદળોએ સાત ગેરકાયદે બંકરોને નષ્ટ કર્યા. મળતી માહિતી મુજબ બેકાબૂ ભીડે બિષ્ણુપુર જિલ્લામાં બીજી આઈઆરબી યુનિટની ચોકીઓ પર હુમલો કર્યો.

# લૂંટના આરોપમાં ૮ મહિનાની પ્રેગ્નેન્ટ મહિલાને પકડી લીધી

## પોલીસ સ્ટેશનથી નીકળીને તે સીધી હોસ્પિટલ ગઈ હતી અને ત્યાં તેને બે બાટલા ચડાવવામાં આવ્યા હતા

। નવી દિલ્હી, તા.૭ ।

ટેક્નિકલ ખામીને કારણે અમેરિકામાં આઠ મહિનાની ગર્ભવતી મહિલાને જેલની હવા ખાવાનો વારો આવ્યો હતો. પોર્શા વુડ્રફ પોતાની બે દીકરીઓને સ્કૂલ જવા માટે તૈયાર કરી રહી હતી ત્યારે છ પોલીસકર્મીઓ ડેટ્રોઈટમાં આવેલા તેના ઘરની બહાર આવીને ઊભા રહ્યા. તેમણે તેને ઘરની બહાર આવવાનું કહ્યું કારણકે તેઓ તેને લૂંટ અને કારમાં ચોરી કરવાના ગુના હેઠળ પકડવા આવ્યા હતા. પોલીસને જોઈને ૩૨ વર્ષીય પોર્શાએ પૂછ્યું, 'તમે મજાક કરી રહ્યા છો?' તેણે પોતાના પેટ તરફ ઈશારો કરતાં પોતે ગર્ભવતી હોવાનું જણાવ્યું હતું અને આ સ્થિતિમાં આવો ગુનો કઈ રીતે આચરી શકે તેવો સવાલ કર્યો હતો. ઘટના વખતે પોર્શા આઠ મહિનાની ગર્ભવતી હતી. જોકે, પોલીસે તેની વાત નહોતી માની અને ગત ફેબ્રુઆરી મહિનામાં ગુરુવારે સવારે તેની ધરપકડ કરી હતી. પોતાના રડતા બાળકોને ફિઆન્સે પાસે મૂકીને પોર્શા પોલીસ સાથે ગઈ હતી. તેને ડેટ્રોઈટ ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવી હતી. તેણીએ જણાવ્યું કે, '૧૧ કલાક સુધી પોલીસે મારી એ ગુના માટે પૂછપરછ કરી હતી જેને મેં આચર્યો જ નહોતો. પુરાવા શોધવા માટે મારા આઈફોનને જપ્ત કરી લેવાયો હતો. પોલીસ જાપ્તામાં હતી ત્યારે મને કન્ટ્રેક્શન્સ (ગર્ભાશયના સ્નાયુઓનું સંકોચાવું અને ફરી સામાન્ય થવું તે) આવતા હતા. મારી કમરમાં તીવ્ર દુઃખાવો થતો હતો. સ્નાયુઓ ખેંચાતા હતા. મને લાગ્યું કે મને પેનિક અટેક આવી રહ્યા હતા.

## ગુજરાતની ફાર્મા કંપનીના સાણંદ પ્લાન્ટ અંગે USFDAની વોર્નિંગ

। સાણંદ, તા.૭ ।

ગુજરાત સ્થિત ફાર્માસ્યુટિકલ કંપની ઈન્ટાસ ફાર્મા (Intas Pharma)ના સાણંદ સ્થિત પ્લાન્ટ માટે USFDA દ્વારા વોર્નિંગ આપવામાં આવી છે. અમેરિકન હેલ્થ રેગ્યુલેટરે ઈન્ટાસ ફાર્માને મેન્યુફેક્ચરિંગમાં ખામીઓ બદલ ઝાટકી છે. CGMP કોમ્પ્લાયન્સનું પાલન કરવામાં ક્વોલિટી કન્ટ્રોલના યુનિટ નિષ્ફળ હોવાનું જાણવા મળ્યું છે. યુએસએફડીએ દ્વારા ૨૮ જુલાઈ ૨૦૨૩ના રોજ સાણંદ પ્લાન્ટની અમુક ખામીઓ જણાવવામાં આવી હતી.

USFDAએ જણાવ્યું છે કે આ પ્લાન્ટમાં ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસ (GMP)નું પાલન કરવામાં નોંધપાત્ર હદે નિયમો તોડવામાં આવ્યા છે.

### એટીએસની તપાસ રાજકોટમાં હજુ પણ યથાવત

# પકડાયેલા આતંકીઓ જ્યાં રહેતા હતા ત્યાં ATSની તપાસ

। રાજકોટ, તા.૭ ।

શહેરમાંથી ત્રણ આતંકવાદીઓ પકડવાની ઘટના બાદ પણ એટીએસની તપાસ રાજકોટમાં હજુ પણ યથાવત છે. એટીએસના જવાનો દ્વારા શહેરમાં સ્થાનિક એસઓજીની ટીમને સાથે રાખીને ઠેર-ઠેર તપાસ કરવામાં આવી હતી. રાજકોટ શહેરમાંથી ત્રણ આતંકવાદીઓ ઝડપાયાની ઘટનાના પડઘા દેશભરમાં પડી રહ્યા છે, ત્યારે આ આતંકવાદીઓ કોના સંપર્કમાં હતા? તેમજ કોને-કોને મળ્યા હતા? તે રાજકોટમાં શું કરવાના હતા? સહિતના અનેક સવાલો ઉઠી રહ્યા છે. હાલ ત્રણેય આતંકવાદીઓ ૧૪ દિવસના રિમાન્ડ પર છે, ત્યારે એટીએસ દ્વારા ચાર ઓગસ્ટે રાજકોટ શહેરમાં અલગ-અલગ ઘરોમાં ઝડતી લેવામાં આવી હતી. આતંકવાદીઓ જ્યાં રહેતા હતા તે ઘરોમાં પણ એટીએસની ટીમ પહોંચી હતી. એટીએસ દ્વારા રાજકોટ એસઓજીને પણ સાથે રાખીને તપાસ કરી હતી. ત્રણેય આતંકવાદીઓના ઘરમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આ ત્રણેય આતંકવાદીઓના મિત્રોના ઘરે પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજકોટ શહેરમાં આવેલા અલગ-અલગ વિસ્તારોમાં સાત જેટલા મકાનોમાં તપાસ હાથ ધરી હતી.

### અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર મોંઘો અકસ્માત

# અકસ્માત ટામેટા અને ચોકલેટ ભરેલા બે ટેમ્પો ટકરાયા

## બનાવને કારણે હાઇવે પર ટ્રાફિકજામના દ્રશ્ય સર્જાયા હતા, જાણ થતાં જ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી

। વલસાડ, તા.૭ ।

વલસાડ નજીક અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર ટામેટા ભરેલા ટેમ્પો સાથે અન્ય ૨ વાહનો વચ્ચે અકસ્માત સર્જાતા હાઈવે પર ટામેટા વેરાઈ ગયા હતા. ચાર વાહનો વચ્ચે સર્જાયેલા વિચિત્ર અકસ્માતમાં કોઈ ઈજા કે જાનહાની નહીં થઈ ન હતી, પરંતુ લાંબા સમય સુધી અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવેનો એક તરફના વાહન વ્યવહારને અસર થઈ હતી. બનાવની વિગત મુજબ, બેંગલોરથી ટામેટા ભરી અને એક ટેમ્પો ભરૂચ જઈ રહ્યો હતો, જે વલસાડ નજીક અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર વલસાડ સુગર ફેક્ટરીના પુલ પર પહોંચતા જ પુલ પર પડેલા એક મોટા ખાડાને કારણે ટેમ્પોચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા અન્ય ચોકલેટ ભરીને આવતા અન્ય એક ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો. જેના લીધે અન્ય એક ટ્રક અને કાર પણ અકસ્માતનો ભોગ બન્યા હતા. ટ્રકમાં ચોકલેટ ભરેલી હતી.

## ચંદ્રયાન 3માંથી દેખાયો ચંદ્રનો અદભૂત નજારો



। નવી દિલ્હી, તા. ૭ ।

ISROનું ચંદ્ર પરનું મિશન અત્યાર સુધી સારું ચાલી રહ્યું છે અને ISROને આશા છે કે વિક્રમ લેન્ડર આ મહિનાના અંતમાં ૨૩ ઓગસ્ટે ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરશે. ચંદ્રયાન-૩ને ૨૨ દિવસ પહેલા ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડ કરવા માટે લોન્ચ કરવામાં આવ્યું હતું, જ્યાં અત્યાર સુધી કોઈ દેશ પહોંચી શક્યો નથી. ભારતનું ત્રીજું માનવરહિત ચંદ્ર મિશન ચંદ્રયાન-૩ શનિવારે ચંદ્રની ભ્રમણકક્ષામાં સફળતાપૂર્વક પ્રવેશ્યું છે. ભારતના ચંદ્રયાન-૩ અવકાશયાને ૫ ઓગસ્ટ, ૨૦૨૩એ શનિવારે સાંજના ૭:૧૫ વાગ્યે ચંદ્રની ભ્રમણકક્ષામાં સફળ અને સરળ રીતે પ્રવેશ કર્યો છે. આ સાથે જ ચંદ્રયાન-૩ મિશન હેઠળ ચંદ્રની પ્રથમ તસવીર પણ સામે આવી ગઈ છે. આ દરમિયાન ચંદ્રની ફરતે ચક્કર લગાવી રહેલા સ્પેસક્રાફ્ટમાં લાગેલા કેમેરામાં ચંદ્રનો એક વીડિયો પણ કેદ થયો છે. વીડિયોમાં ચમકદાર ચંદ્ર જોવા મળી રહ્યો છે. વીડિયોમાં સ્પેસક્રાફ્ટમાં લાગેલી સોલાર પેનલ પણ જોવા મળી રહી છે. ચાંદની આ પ્રથમ ઝલકને ઈસરોએ ટ્વિટર પર શેર કરી છે. ચંદ્રયાન-૩ મિશન ૧૪ જુલાઈએ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પછી અવકાશયાન પૃથ્વીની પાંચ પરિક્રમા કરીને ચંદ્ર તરફ રવાના થયું. શનિવારએ મિશન માટે મહત્વપૂર્ણ દિવસ હતો, કારણ કે ચંદ્રયાન-૩એ લૂનર ઓર્બિટ ઈન્સર્શન પૂર્ણ કર્યું હતું.




શ્રીનગરમાં આતંકવાદીઓ સાથેની અથડામણમા શહીદ થયેલા મહિપાલસિંહની અંતિમ યાત્રા નીકળી હતી.

# રાજીવ વર્મા અમિતાભ બચ્ચનના સાઢૂ ભાઈ છે

। મુંબઈ, તા.૭ ।

આમ તો બોલિવૂડમાં મોટાભાગના કલાકારો એકબીજાના સંબંધીઓ છે. આપણે સહુને તેમના સંબંધ વિશેની ખબર પણ હોય છે. પરંતુ, એવા પણ કેટલાક કલાકારો છે, જેમના સંબંધો લાઈમલાઈટમાં ન હોવાથી આપણે તેનાથી અજાણ હોઈએ છીએ. આવો જ એક સંબંધ છે અમિતાભ બચ્ચન અને તેમના સાઢુ રાજીવ વર્માનો. ચોક્કસથી તમે આ વિશે નહીં જાણતા હોવ. અમિતાભ બચ્ચન અને જયા ભાદુરી ૩ જૂન, ૧૯૭૩માં લગ્નના બંધનમાં બંધાયા હતા. ભોપાલના પત્રકાર, લેખક અને કવિ તરુણ કુમાર ભાદુરીની પુત્રી જયા ભાદુરીએ પોતાની પ્રથમ ફિલ્મથી જ સફળતા મેળવી લીધી હતી. તો જયાની બહેન રીટા ભાદુરીને પણ થિયેટરની દુનિયામાં ખૂબ રસ હતો, પરંતુ તેમણે તેને ક્યારેય પોતાનું પ્રોફેશન ન બનાવ્યું. આજે અમે તમને અમિતાભ બચ્ચનના સાઢુ વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જે પોતે પણ એક અભિનેતા છે. વર્ષોથી તમે તેમને સ્ક્રીન પર જોતા આવ્યા છો, પરંતુ બચ્ચન પરિવાર સાથેના તેમના સંબંધ વિશે ઓછા લોકો જાણે છે.

# સંઘ પ્રદેશ દમણમાં નશામાં ધૂત કારચાલકે સર્જ્યો અકસ્માત

। દમણ, તા.૭ ।

નશામાં ધૂત કારચાલકે અકસ્માત સર્જ્યો છે. સંઘ પ્રદેશ દમણમાં સી ફેસ રોડ પર દારુના નશામાં બેફામ કારચાલકે પોલીસ બેરિકેટને ટક્કર મારી હતી. ઉપરાંત કાર વીજપોલ સાથે અથડાતા વીજપોલ પણ પડી ગયો અને વૉકવે પરના સ્ટોલ સાથે કાર અથડાઈ હતી. અકસ્માત થતાં આસપાસના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી કારચાલક વિરુદ્ધ ડ્રિંક એન્ડ ડ્રાઈવનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજ્યમાં પીધેલા કારચાલકોના આતંકની સાથે હવે પડોશમાં આવેલા સંઘ પ્રદેશ દમણમાં પણ પીધેલા કારચાલકોના આતંકના કિસ્સાઓ પણ બહાર આવી રહ્યા છે. આ વખતે દમણના દેવકા બીચ પર આવેલા નમો પથ સી ફેસ રોડ પર એક પીધેલા કારચાલકે આતંક મચાવ્યો હતો. રાત્રે પૂર ઝડપે દારૂના નશામાં કાર હંકારી અને રોડ પરના પોલીસ બેરીકેટને પણ ટક્કર મારી હતી. ત્યાર બાદ કાર સી ફેસ રોડના વોક વે પર ચડી સ્ટોલ સાથે અથડાઈ હતી. એક વીજ પોલને પણ ટક્કર મારતાં વીજ પોલ પણ પડી ગયો હતો. રાત્રે બનેલી આ ઘટનાને કારણે હાજર લોકોમાં દોડધામ મચી ગઈ હતી. જોકે આ ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થઈ ન હતી.

### અરવિંદ ત્રિવેદીએ રાવણનું પાત્ર મળશે તેવું વિચાર્યું ન હતું

# રાવણના પાત્ર માટે રામાનંદ સાગરની પહેલી પસંદગી અમરીશ પુરી હતા

। મુંબઈ, તા.૭ ।

રામાનંદ સાગરે બનાવેલી રામાયણ સિરિયલ આજે પણ લોકોના મનમાં ઊંડી છાપ ધરાવે છે. જેના કારણે બોલિવૂડ કે ટીવીના પડદે જ્યારે પણ રામાયણ પર શો બને ત્યારે તેની તુલના રામાનંદ સાગરની રામાયણ સાથે થાય છે. રામાનંદ સાગરની રામાયણમાં અભિનય અને સંવાદોના કારણે તેના કલાકારોને લોકો ભગવાન માનવા લાગ્યા હતા. રામ, સીતા, લક્ષ્મણ અને રાવણ સહિતના પાત્ર ભજવનાર કલાકારો આજે પણ એટલા જ જાણીતા છે, જેટલા તે સમયે હતા. રાવણના પાત્રમાં ગુજરાતી કલાકાર અરવિંદ ત્રિવેદી સાચા રાવણની ઝાંખી આપી ગયા છે. તેઓ રાવણના પાત્રમાં એકદમ પરફેક્ટ હતા. જોકે શું તમે જાણો છો કે, રામાયણમાં રાવણના પાત્ર તરીકે અરવિંદ ત્રિવેદી ડાયરેક્ટર રામાનંદ સાગરની પહેલી પસંદ ન હતા? પણ અરવિંદ ત્રિવેદી પોતાના દમદાર અભિનયથી બધાને એવા મંત્રમુગ્ધ કરી લીધા કે તેમને આ રોલ ફાળવી દેવાયો હતો.

## તંત્રી લેખ...

# પાયરેસીની તકલીફ

વર્ષોથી પાયરેસીનો ડંખ બોલિવુડને ઝેલવાની ફરજ પડી રહી છે. તે રોજગારી પર પણ સીધી અસર કરે છે. પાયરેસીના સમસ્યા અને તેના પર અંકુશ મુકવાની બાબતને લઈને હમેંશાથી ચર્ચા રહી છે. પાયરેસી સામે પહેલા અવાજ પણ ઉઠી ચુકી ચુકી છે. બોલિવુડના સંબંધિત લોકો દ્વારા આ મામલાને ગંભીરતાથી લેવાની શરૂઆત કરી દીધી છે. એક ફિલ્મ બનાવવામાં ખુબ પૈસા ખર્ચ થાય છે. કેટલાક લોકોના રોજગાર તો ફિલ્મ સાથેજ જોડાયેલા છે. જેથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ હવે પાયરેસીની સામે એક મત થઈ રહી છે. પાયરેસીની ફિલ્મ પર માઠી અસર થાય છે. ફિલ્મ નિર્માતાને વધારે નુકસાન થાય છે. સારી પટકથા ધરાવતી ફિલ્મો લીક કરવામાં આવે છે. ઓછા લો-કપ્રિય ચહેરા ધરાવતી ફિલ્મ બનાવવા માટે નાણાં ઓછા ખર્ચ કરવામાં આવે છે પરંતુ મોટા સ્ટાર ધરાવતી ફિલ્મ બનાવવા પાછળ તો જંગી નાણાં ખર્ચ કરવામાં આવે છે. પાયરેસીના સફાયાની બાબત તો શક્ય દેખાતી નથી પરંતુ તેના પર કેટલાક પગલા લઈને અંકુશ મુકી શકાય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની સાથે સાથે સરકારને પણ કઠોર નિયમો બનાવવાની જરૂર છે. આના માટે નિષ્ણાંતોની કમિટી બનવી જોઈએ. સામાન્ય લોકો પણ પાયરેસીના મામલે તમામ બાબતો જાણે છે. પાયરેસી ફિલ્મ જોવાની બાબત એક ચોરી સમાન છે. મોઘા ટિકિટ પાયરેસીના માંગને વધારી દેવા માટે ચોક્કસ પણે કારણરૂપ છે. કારણ કે સામાન્ય ફિલ્મને નિહાળવા માટે કોઈ પણ પરિવાર ૨૦૦૦ રૂપિયા ખર્ચ કરશે નહી. આવી સ્થિતીમાં તે વેબસાઈટ પરથી જ આવી ફિલ્મ ડાઉનલોડ કરી નાંખે છે અને ઘરમાં જોઈ નાંખે છે. જો કે કેટલાક લોકો માને છે કે શહેરોમાં હજુ પણ સિંગલ સ્ક્રીન રહેલા છે જ્યા સસ્તામાં ફિલ્મ નિહાળી શકાય છે. થિયેટરના જાદુને ક્યારેય લેપટોપ અને સ્માર્ટ ફોન પર મેળવી શકાય નહી. પરંતુ લોકોને વિચારવાની જરૂર છે કે આવા સરળ મનોરંજનના ચક્કરમાં તેઓ કેટલાક લોકોની રોજગારી પર લાત મારી રહ્યા છે. લોકોને સમજી લેવાની જરૂર છે કે આ ફિલ્મની પાછળ સેંકડો લોકોની રોજગારી જોડાયેલી હોય છે. ફિલ્મ સારો કારોબાર કરે છે તો ઈન્ડસ્ટ્રીઝ આના કારણે આગળ વધે છે. પરંતુ પાયરેસી ફિલ્મના કારણે તેની ગણતરી પર માઠી અસર થાય છે. લોકો દસ રૂપિયા ખર્ચ કરીને પાયરેટેડ ફિલ્મને પોતાના મોબાઈલમાં અથવા તો લેપટોપમાં ડાઉનલોડ કરી નાંખે છે. આ બાબત ચોક્કસપણે ખોટી અને ગેરકાયદે છે. જાણકાર લોકો માને છે કે કોઈ પણ વ્યક્તિ પેટ કાપીને તો ફિલ્મ નિહાળવા જશે નહી. નિર્માતા અને નિર્દેશકો તથા સરકાર માત્ર કમાણીને જ નહી બલ્કે લોકોની સંખ્યાને પણ ધ્યાનમાં લે તે જરૂરી છે. ટિકિટની કિંમત ઓછી હોવી જોઈએ, સાથે સાથે કાયદાકીય જોગવાઈ પણ કઠોર હોવી જોઈએ. દેશના આઈટી એક્ટમાં ફિલ્મ પાયરેસીને રોકવા માટે હજુ સુધી કોઈ ખાસ જોગવાઈ નથી. ફિલ્મ સાથે જોડાયેલા કારોબારીઓ કહે છે કે કોરોનાના કારણે આ પ્રકારના તત્વો વધારે સક્રિય થયા હતા. કોરોના બાદ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની હાલત પણ ખરાબ થઈ રહી છે ત્યારે કોઈ પણ પ્રકારની આવી ગતિવિધી વધારે નુકસાન કરી શકે છે.

# શરીર સુખ માટે થઈને જે ભોગનું શરણું લીધું છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે, આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ. આજે મંગળવાર એટલે ગીતા જ્ઞાન નો દિવસ.જ્ઞાન વગર જીવન ક્યારેય મંગલતા પ્રાપત કરતું નથી,અને શ્રીમદ ભગવત ગીતા જેવું શુદ્ધ અને સિદ્ધ કરનારું જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થાય! આજે સાંપ્રત સમયના સમાજનો દરેક વ્યક્તિ કોઈને કોઈ રીતે કોઈ સમસ્યાનો ભોગ બને છે, અને એ સમસ્યાનો જો લાંબા સમય સુધી ઉકેલ ન આવે તો, એનાથી માનસિક તણાવ અનુભવે છે. પરંતુ બહુ સૂક્ષ્મ રીતે ચિંતન કરવામાં આવે તો ૭૦% સમસ્યાઓ એના પોતાના અજ્ઞાનને કારણે હોય છે, અને બાકીની ૩૦ ટકા સમસ્યાઓ પોતાના આત્મવિશ્વાસની કમીને કારણે હોય છે. આપણે ભગવત ગીતાના માધ્યમથી મનુષ્ય કેવા પ્રકારના જ્ઞાન અને કેવા પ્રકારના અજ્ઞાનનો સામનો કરતો હોય છે, એ અર્જુનના માધ્યમથી જોઈએ છીએ. અર્જુન એ લગભગ કેટલાએ પ્રશ્નો ભગવાને કર્યા, અને ભગવાને એને કહ્યું કે તું કર્મયોગની રીતે કર્મ કર, કર્મ સન્યાસની રીતે કર્મ કર, જ્ઞાન યોગથી કર્મ કર, કે સાંખ્ય યોગનો સહારો લઈ, આ બધી જ મોહમાયા માંથી મુક્ત થઈ જા. દરેક જીવ જો એનાં પ્રારબ્ધમાં લખાયેલા કર્તવ્ય કર્મને અનુસરે તો એ કોઈપણ પ્રકારના બંધનોમાં બંધાતો નથી, અને એ ખુદ શાંતિનો અનુભવ કરે છે. સચ્ચિદાનંદ ઘન સ્વરૂપે પોતાનામાં જ ઈશ્વરને અનુભવે છે, પરંતુ અર્જુન છે કે હજી તેનું અજ્ઞાન સમાપ્ત થતું નથી. આપણા બધાની જિંદગી પણ મોટેભાગે અર્જુન જેમ કોઈને કોઈ પ્રકારના અજ્ઞાનથી જ ઘેરાયેલી છે, અને એ અજ્ઞાન જ્ઞાનરૂપી પ્રકાશનો જોઈએ તેટલો અનુભવ થવા દેતું નથી. કોઈ વધુ તો કોઈ ઓછા અંશે અજ્ઞાન ધરાવે છે, એ એક નિતાંત સત્ય છે, અને એની માટે અંતઃકરણ ચતુષ્કોણ જવાબદાર છે, એ પણ આપણે જાણીએ છીએ. તો બાકીના ૩૦% ની વાત આપણે કરી તેમ આત્મવિશ્વાસની કમી, પણ અંતઃકરણ ચતુષ્કોણનો કોઈ એક ખૂણો પ્રબળ બને, અથવા તો સામેવાળાનો અહમ કે પ્રભાવ બીજી વ્યક્તિને દુર્ભાવ કરવા માટે પણ પ્રેરે, અને આ રીતે અંધારામાં વધુને વધુ ગરકાવ થવાથી નિષ્ફળતાનો કે મૃત્યુનો ભય રહે છે, જેને કારણે આત્મવિશ્વાસ ડગમગી જાય છે. શ્રીમદ ભગવત ગીતાના પાંચમા અધ્યાયના ૨૨ માં શ્લોકમાં ભગવાન અર્જુનને કહે છે કે, જે આ ઈન્દ્રીય અને વિષયોના સંયોગથી ઉત્પન્ન થતા સર્વભોગો છે, તે બધા વિષય માણસોને સુખરૂપ ભાસવા છતાં પણ નિઃશંકપણે દુઃખના જ હેતુ છે. વળી આદિ અંત વાળા એટલે કે એ અનિત્ય છે માટે હે કૌતેય, ડાહ્યો અને વિવેકી માણસ એમાં આસક્ત રહેતો નથી. ભગવાને કહેલું આ સત્ય આપણે સૌ જાણીએ છીએ, એટલે કે શરીર નાશવંત છે, અને મૃત્યુ શાશ્વત છે. મનુષ્ય દેહ રૂપે આવ્યા છીએ, એટલે એકને એક દિવસ આ દેહ છોડીને જવાનું છે. જે કંઈ આપણા પ્રારબ્ધ અનુસાર આપણે મેળવ્યું હશે તે બધું જ અહીં મૂકીને જવાનું છે. સગા સંબંધીઓ કે કોઈપણ પ્રકારની લેણાદેવી સાથે લઈને જઈ શકાતું નથી. દરેક પ્રકારના ભોગનું સુખ ક્યારેય કાયમ રહેતું નથી, એ હંમેશા શરીરની વૃદ્ધિ કરતા શરીરમાં રહેલા આત્મ પ્રકાશને ઢાંકવાનું કામ કરે છે, માટે તેનો સમ્યકતાથી ઉપયોગ કરવો. આટલી જાણકારી લગભગ દરેક પાસે છે અને વ્યવહારમાં આવા વાક્યોનો આપણે ઉપયોગ પણ કરતા હોઈએ છીએ, અને છતાં મોહમાયાથી મુક્ત થઈ શકાતું નથી, અને એટલે એ માત્ર જાણકારી બની રહી જાય છે, જ્ઞાન કહેવાતું નથી, અને એટલે જ એ અજ્ઞાન તરીકે કાયમ આપણા જીવનને દોરે છે અને મોહ માયામાં વધુ ને વધુ પ્રવૃત કરે છે. ભગવાને ચોખ્ખું કહ્યું છે કે ઈન્દ્રિય અને વિષયોના સંયોગથી ઉત્પન્ન થતા સર્વ ભોગો સુખ સ્વરૂપ ભલે પાસે હોય પણ એ નિઃશંકપણે દુઃખના જ હેતુ છે. શારીરિક સ્વાસ્થય બગાડવા માટે આ બધા કારણભૂત છે, એ આપણે જાણીએ જ છીએ. જેમકે વધુ પડતું સ્વાદિષ્ટ ભોજન ખાવાથી કેટલીય પ્રકારના રોગ થાય છે, તો વધુ માત્રામાં ખાવાથી પણ રોગ થાય છે, અને એ જ રીતે ન ખાવાથી પણ થાય છે, પરંતુ એબોસીટી એ આજના સમયની સૌથી મોટી સમસ્યા છે. ભોજનની રીતે તો માનવી ખાઉધરો થઈ જ ગયો છે, પરંતુ અન્ય બધી જ વાતે તેને પૂરું પડતું જ નથી! લોકો એને મહત્વકાંક્ષા કહે છે, પણ હકીકતમાં એ અસંતોષની એક એવી વૃત્તિ છે કે, જે તેને સંતોષ થવા દેતી નથી,ક્યારેય શાંત થવા દેતી નથી, બસ એ વિષય પ્રેરક ભોગ સમયના ક્ષણિક સુખને કાયમી કરવા માટે મનુષ્ય સતત મથતો રહે છે. એ રીતે એ દુઃખના હેતુઓને જ પોષણ આપી રહ્યો છે, અને આશ્ચર્યની વાત તો ત્યાં છે કે, લગભગ બધા જ જાણે છે, પણ કોઈને કોઈ રીતે એ વૃત્તિ પર સંયમન કરી શકતા નથી. ઈશ્વરે જ્યારે મનુષ્ય દેહ આપ્યો ત્યારે જ એનું આયુષ્ય નક્કી કરીને મોકલ્યો હતો, અને એની સાથે સાથે બીજી ઘણી વસ્તુની નિયત માત્રા પણ નક્કી થઈ હોય છે, એવું આજે વિજ્ઞાન પણ સ્વીકારે છે. શરીર મુખ્યત્વે રુપ, રંગ, રસ, ગંધ, સ્પર્શ ,અને સ્વર,એમ છ પ્રકારના ભોગથી આકર્ષાય છે. આમ છ પ્રકારના ભોગ ની માત્રા પણ એના જન્મ સમયે નિશ્ચિત કરવામાં આવી હોય છે. પરંતુ આપણે એ સત્ય જાણતા નથી, અને આપણી આ ખાઉધરી વૃત્તિને કારણે સતત એ છ પ્રકારના ભોગ ભોગવવા મથીએ છીએ, એને કારણે ક્યારેક એ માત્રા આપણા આયુષ્ય પહેલા જ પૂરી થઈ જાય, તો પ્રકૃતિ તરફથી એની પર સંયમન આવે એટલે કે કોઈને કોઈ પ્રકારનો વ્યાધિ કે રોગ આપણને લાગુ પડે અને ડોકટર એ છ ભોગરસ પર એક પર પ્રતિબંધ લાદે. મોટેભાગે રસ એટલે કે સ્વાદનું પલ્લુ જોખમકારક છે, અને સ્વાદના ચટાકા ને કારણે ન સાંભળ્યા હોય એવા રોગ આજે થતા જોવા મળે છે. ખાંડ બહુ ખાઈ લીધી તો ડાયાબિટીસ! ઉગ્ર બહુ રહ્યા તો બીપી! કારણ વગરના માનસિક તણાવને લઈને હું કરું કરીને ફર્યા એટલે હૃદય પર દબાણ વધ્યું હાટ ની બીમારી લાગુ પડી કે, પછી તળિયું તાવ્યુ વધારે ખાધું અને વેઈન બ્લોક થઈ ગઈ, કાંતો ખૂબ ખાધું એટલે એબોસીટી! આમ દરેક રોગ કોઈને કોઈ વિષય પ્રેરક ભોગના વધુ ને વધુ મેળવેલા સુખને કારણે જ હોય છે. બીજું બધું તો ન સમજાય, પણ આ શરીર સુખ માટે થઈને જે ભોગનું શરણું લીધું છે, એ જ આપણને આભવ સાગરમાં એટલે કે મોહ માયામાં ડુબાડી રહ્યું છે, એટલું સત્ય જો સમજાય જાય તો શારીરિક અને માનસિક બંને રીતે સ્વસ્થ જીવન જીવી શકાય! તેમ જ નિયત માત્રામાં ભોગ ગ્રહણ કરીને જીવીએ, તો જીવનનાં બાકીના આયુષ્ય ને સુખ, સંતોષ, તેમજ શાંતિપૂર્વક જીવી શકાશે. તો આપણે સૌ વિષય પ્રેરક ભોગ ગ્રહણ કરતાં પહેલાં આ સુખ ક્યાંક મારા દુઃખનું કારણ તો નથી ને? એટલું અવશ્ય વિચારી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર જાણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

## હાલના સમયમાં વર્કઆઉટ ખુબ જરૂરી

કોરોનાથી બોધપાઠ લીધા બાદ હવે લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થયા છે. કોરોના કોઈ પણ કિંમતે બિમારીથી દુર રહેવાના પ્રયાસો કરે છે. આ બાબતને ધ્યાનમાં લઈને લોકો ઈમ્યુનિટી વધારવા અને અને ફિટનેસ પ્રત્યે વધારે ધ્યાન આપી રહ્યા છે. કેટલાક લોકો ફિટનેસને લઈને ચિંતાતુર બની ગયા છે. કારણ કે તેમની પાસે વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી. જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે. જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે. વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે. ધીમી ગતિથી આની શરૂઆત કરવી જોઈએ. પોતાના રૂમમાં હળવી કસરત કરીને પણ ફિટનેસ મેળવી શકાય છે. ઘરમાં પણ રહીને ફિટનેસ જાળવી શકાય છે. આના માટે પોતાના ફેવરીટ કલાકારોના વિડિયોનો ઉપયોગ કરી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે શરીર માટે કસરત ખુબ જરૂરી છે પરંતુ રોજ રોજ એક પ્રકારની કસરત અથવા તો વર્કઆઉટથી કેટલીક વખત કંટાળો આવવા લાગી જાય છે. જો તમે બોર થયા વગર વર્ક આઉટ કરો છો તો કોઈ તકલીફ નથી પરંતુ જો બોરિંગ અનુભવ થાય તો મસ્તીની સાથે વર્ક આઉટ કરવામાં આવે તે જરૂરી છે. ફુલ મસ્તીની સાથે દરરોજ વર્ક આઉટ કરવા માટે પણ શ્રેણીબદ્ધ વિકલ્પ રહેલા છે. બોડીને ફિટ રાખવા માટે કેટલાક વિકલ્પ સ્પષ્ટપણે રહેલા છે. જેને અજમાવીને રાહત અનુભવ કરી શકાય છે. ૯૦ના દશકમાં કોલંબિયા ફિટનેસ નિષ્ણાંતો દ્વારા શરૂ કરવામા આવેલા વર્ક આઉટ હાલના દિવસોમાં ભારતમાં ખુબ લોકપ્રિય છે. લૈટિન મ્યુઝિકની સાથે તેમાં જુદા જુદા ડાન્સ ફોર્મના મિશ્રણ રહેલા છે. જેમ કે સાલસા, બેલી ડાન્સિંગ, સોકા, રિગેટન, જુમ્બાનો સમાવેશ થાય છે. જુમ્બા કેટલાક પ્રકારના હોય છે. જેમ કે સ્વિમિંગ પુલમાં એક જુમ્બા કરવામાં આવે છે. બાળકો માટે જુમ્બા કિડસ્ છે. મોટી વયના લોકો માટે જુમ્બા ગોલ્ડ છે. જુદા જુદા સંગીતના તાલ પર ઝુમવાથી પણ સારી કસરત થઈ જાય છે. પોઈલેટ્સ વર્ક આઉટ પણ ઉપયોગી છે. કમજોર ઘુટણ અને પીઠ માટે આ વર્ક આઉટ આદર્શ સાબિત થઈ શકે છે. જેને ચાદર બિછાવીને સુઈ જઈને મ્યુઝિક સાથે કરવામાં આવે છે. આના કારણે શરીરમાં તાજગી રહે છે. કમરના હિસ્સાને મજબુતી મળે છે. ફ્લેક્સિબિલિટી આવે છે. આને મોર્નિંગ વર્ક આઉટના હિરો તરીકે ગણી શકાય છે. આની શરૂઆત એક જર્મન નિષ્ણાંત દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫માં આની લોકપ્રિયતા વિશ્વભરમાં વધી હતી. ત્યારબાદ લોકો આ વર્કઆઉટ તરફ આકર્ષિત થયા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં પણ પાઈલેટ્સની લોકપ્રિયતા સતત વધી છે. મસાલા ભાંગડા નામથી પણ એક વર્ક આઉટ કરવામાં આવે છે. યુવા પેઢી માટે આ એક શાનદાર અને મસ્તી સાથે કરવામા આવતા વર્ક આઉટ તરીકે છે. આમાં પોપ અને ભાંગડા બન્ને મિશ્ર છે. આમાં ઢોલના તાલ પર ફાસ્ટ મુવમેન્ટ રહેલા છે. આ એક તીવ્ર વર્ક આઉટ છે.વિવિધ બિમારી ખાસ કરીને હાર્ટ માટે આ એક જોરદાર કાર્ડિયો એક્ટિવિટી છે. યુવા પેઢી માટે આ એક શાનદાર અને મસ્તી સાથે કરવામા આવતા વર્ક આઉટ તરીકે છે. આમાં પોપ અને ભાંગડા બન્ને મિશ્ર છે. આમાં ઢોલના તાલ પર ફાસ્ટ મુવમેન્ટ રહેલા છે. આ એક તીવ્ર વર્ક આઉટ છે.વિવિધ બિમારી ખાસ કરીને હાર્ટ માટે આ એક જોરદાર કાર્ડિયો એક્ટિવિટી છે.

## ભૂતકાળ શું થયું,ભવિષ્યમાં શું થશે તેની ચિંતા છોડી વર્તમાન સમયને શ્રેષ્ઠ સમજી આનંદથી જીવો



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા

આજકાલ ચારેબાજુ કાળઝાળ મોંઘવારી બેરોજગારીથી પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈ છે.શિક્ષિત બેરોજગાર યુવાધન એનકેન પ્રકારે સમય વેડફી રહયા છે. ગૃહસ્થો સન્યાસીઓ ભૂતકાળની ઘટના ઓને વાગોળી ભવિષ્યમાં શું થશે તે બાબતે ચિંતીત છે. ગૃહિણીઓ ટામેટાંના વધતાં ભાવથી વિહવળ છે કેમ ખરું ને?? આવી નાના કારણે વર્તમાન સમયને સારી રીતે જાણી કે માણી શકતા નથી ત્યારે આચાર્ય ચાણક્યજીએ બહુ સરસ કહ્યું છે કે "કોઈએ ભૂતકાળનો શોક ન કરવો જોઈએ,ન તો ભવિષ્યમાં શું થશે તેની ચિંતા કરવી જોઈએ. જેઓ વર્તમાનનો સારો ઉપયોગ કરે છે તે અસાધારણ લોકો છે. તેથી જ દરેક વ્યક્તિએ વર્તમાનનો સારો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે આપણે ભૂતકાળ પર કોઈ ભાર નથી અને ભવિષ્ય -

વાસ્તવમાં, "જે થયું તેને ભૂલી જાઓ હવે પછી નું સુધારી લો" એ માત્ર એક કહેવત નથી, પણ સમગ્ર મનુષ્ય માટે જીવન જીવવાનો એક ખૂબ જ ઊંડો, અર્થપૂર્ણ અને મૂલ્યવાન સંદેશ છે,જેનાથી ભૂતકાળને ભૂલી ને ભવિષ્ય જીવવાની પ્રેરણા મળે છે.આ કરવા માટે વર્તમાનની જમીન પર પયો નાખવાથી, ભવિષ્યનું નિર્માણ પણ શક્ય છે. તેથી, ભવિષ્યનું નિર્માણ કરવા માટે, માણસે ભૂતકાળમાંથી શીખવું જોઈએ. વાસ્તવિકતાના આધારે સંપૂર્ણ પ્રયાસ કરવો જોઈએ. સત્ય એ છે કે ભૂતકાળ મરી ગયો છે, વાસ્તવિકતા સજીવ જીવંત છે, જ્યારે કલ્પનાની દુનિયા પાર્થના સહાયક તરીકે કામ કરે છે.

બીતી તાહી બિસાર દે, આગીન સુધિ લાયા ચોક્કસપણે અજોડ શક્તિના રત્નોના રૂપમાં ત્રણેય ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય ના વ્યવસ્થિત સંચાલન તરફ નિર્દેશ કરે છે. અર્થ બહુ સ્પષ્ટ છે કે ભૂતકાળને ભૂલી જાવ, એ બધા વિદ્વાનોનું સત્ય જણાય છે કે સ્મૃતિ દાન છે, તેથી વિસ્મૃતિ એ એક પ્રકારનો પ્રસાદ છે. 'આગે કી સુધિ લે' શબ્દ ભવિષ્યની સુખાકારીનો સંકેત આપે છે. યુગોમાં પણ, આપણા આરાધ્ય દેવતાઓએ શક્ય હોય ત્યાં સુધી અપ્રિય અથવા અત્યંત અપ્રિય પરિસ્થિતિઓને ભૂલી જવાનો સંદેશો ફેલાવ્યો છે, પછી તે સમય હોય કે ગુજરી રહેલી વ્યક્તિ. તેણે કર્યું છે અને ગયું છે, તે ફરી પાછો નથી આવતો, આ દૃષ્ટિકોણથી સૂઈ જાઓ અને જુઓ, પછી ભૂતકાળ માટે પસ્તાવો જ નુકસાન કરે છે. કેટલાક વિદ્વાનોએ સાચું જ કહ્યું છે - ગતમ્ ના શોચામિ કૃતમ ના મન્યે."

દિલગીર થવું રડવું, ધોવા વગેરે આવા કામ નકામા છે.કવિ તુલસીદાસજીએ સ્પષ્ટ લખ્યું છે-

"કા વરા જબ ખેતી સુકાઈને સમય થી પુની કા પચીતને."

એક વાર સમય ચૂકી ગયા પછી ગમે તેટલો પસ્તાવો કરો તો પણ કોઈ ફાયદો નથી થઈ શકતો.સમયની ગતિને ઓળખી, તે પ્રમાણે વર્તવું અને આગળ વધવું એ જ સફળતાનો સાચો માર્ગ છે. પસ્તાવો એટલે એક ભૂલ બીજી ભૂલ કરવી. ભૂતકાળના અનુભવો માંથી, ભગવાન કૃષ્ણ ચોક્કસપણે આપણને આવતી કાલનો માર્ગ બતાવે છે, આ ત્રણ, સત-રજ-તમથી ઉપર ઊઠીને, રાજ્ય મુજબ સ્થિર અથવા કાયમી બુદ્ધિ સુધી પહોંચવા માટે. સંદેશ જણાવે છે. 'ભૂલી જવું' એ નકારાત્મક ઘટનાઓ અને આવા અન્ય દશ્યોના અંધકારમાંથી બહાર આવીને નવા પ્રકાશ સાથે ગંતવ્ય શોધવાનું એક સ્વરૂપ છે. આ માટે, ફક્ત ઉચ્ચ વિચાર, યોગ-પ્રાણાયામ અને સક્રિયતાના જીવન માટે એક નવું પરિમાણ શરૂ કરવું પડશે.

આ સંદર્ભમાં એક વિદ્વાને સાચું જ કહ્યું છે કે ભૂતકાળ એ ભવિષ્યની પ્રયોગશાળા છે. વર્તમાન એ તમારી ભૂલો અને ભૂતકાળમાં થયેલી ભૂલોમાંથી બોધપાઠ લેવાનું અને ભવિષ્યમાં તેનું પુનરાવર્તન ન કરવાનું પ્લેટફોર્મ છે. આ વાત પર નિશાન સાધતા 'ખલીલ જિબ્રાને' ખૂબ જ સચોટ રીતે કહ્યું છે - 'ગઈકાલ આજની સ્મૃતિ છે અને આવતીકાલ આજનું સ્વપ્ન છે'. તેથી અમારી પાસે વર્તમાન છે. તેથી જ આ સમયની એક-એક ક્ષણ ખૂબ જ આનંદથી પસાર કરવી જોઈએ.ખરેખર, ચિંતા કરવામાં જે સમય વિતાવ્યો તે ડસ્ટબીનમાં ગયો અને વિચારવામાં વિતાવેલો સમય ખૂબ જ સુંદર તિજોરીમાં જમા થયો. તેથી, આ સમય અપાર સંપત્તિનો, શોભાના અજોડ મોતીનો અને અમૃત સમાન જીવનનો જીવનદાતા ઉત્સવ છે, જેના દ્વારા આપણે માનવ જીવનને ઘણા અંશે ઉન્નત કરી શકીએ છીએ. આ સંદર્ભમાં એક વિદ્વાને સાચું જ કહ્યું છે કે ભૂતકાળ એ ભવિષ્યની પ્રયોગશાળા છે. વર્તમાન એ તમારી ભૂલો અને ભૂતકાળમાં થયેલી ભૂલોમાંથી બોધપાઠ લેવાનું અને ભવિષ્યમાં તેનું પુનરાવર્તન ન કરવાનું પ્લેટફોર્મ છે. આ વાત પર નિશાન સાધતા 'ખલીલ જિબ્રાને' ખૂબ જ સચોટ રીતે કહ્યું છે - 'ગઈકાલ આજની સ્મૃતિ છે અને આવતીકાલ આજનું સ્વપ્ર છે'. તેથી અમારી પાસે વર્તમાન છે. તેથી જ આ સમયની એક-એક ક્ષણ ખૂબ જ આનંદથી પસાર કરવી જોઈએ.ખરેખર, ચિંતા કરવામાં જે સમય વિતાવ્યો તે ડસ્ટબીનમાં ગયો અને વિચારવામાં વિતાવેલો સમય ખૂબ જ સુંદર તિજોરીમાં જમા થયો. તેથી, આ સમય અપાર સંપત્તિનો, શોભાના અજોડ મોતીનો અને અમૃત સમાન જીવનનો જીવનદાતા ઉત્સવ છે, જેના દ્વારા આપણે માનવ જીવનને ઘણા અંશે ઉન્નત કરી શકીએ છીએ.

માર્ક ટ્વેઈને' કહ્યું છે કે 'આપણી પાસે સૌથી મૂલ્યવાન વસ્તુ સમય છે. તેથી, તેનો ખર્ચ સમજીને અને આર્થિક રીતે કરવો જોઈએ. તે જ સમયે શ્રેષ્ઠ જીવન જીવવાની કળા જાણી લો ભૂતકાળ શું થયું,તેને સતત વાગોળવાની કોઈ જરૂર નથી ભવિષ્યમાં શું થશે તેની ચિંતા છોડી કરશો તો રોગનો ભોગ બનશો માટે વર્તમાન સમયને શ્રેષ્ઠ સમજી આનંદથી જીવો..અસ્તુ. માર્ક ટ્વેઈને' કહ્યું છે કે 'આપણી પાસે સૌથી મૂલ્યવાન વસ્તુ સમય છે. તેથી, તેનો ખર્ચ સમજીને અને આર્થિક રીતે કરવો જોઈએ. તે જ સમયે શ્રેષ્ઠ જીવન જીવવાની કળા જાણી લો ભૂતકાળ શું થયું,તેને સતત વાગોળવાની કોઈ જરૂર નથી ભવિષ્યમાં શું થશે તેની ચિંતા છોડી કરશો તો રોગનો ભોગ બનશો માટે વર્તમાન સમયને શ્રેષ્ઠ સમજી આનંદથી જીવો..અસ્તુ.

યશપાલસિંહ ટી. વાઘેલા થરા

## ફ્રોડના કેસો હવે સતત વધી રહ્યા છે

ભાગદોડની લાઈફમાં લોકો ઓનલાઈન ખરીદી અને કારોબાર તરફ વધી રહ્યા છે. પરંતુ આને લઈને કેટલીક સાવધાની જરૂરી બની ગઈ છે. કારણ કે ઓનલાઈન કારોબારના સમયમાં ઠગાઈ અને છેતરપિંડીના કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. લોકો ઓનલાઈન ખરીદી કરીને કેટલીક વખત મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. ઓનલાઈનનો છે. સાવધાની વધારે જરૂરી બની ગઈ છે. ઈ-કોમર્સનુ નેટવર્ક પણ હાલમાં રોકેટ ગતિથી ફેલાઈ રહ્યુ છે. આવી સ્થિતીમાં ઠગ લોકોએ પણ ઓનલાઈન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઈને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઈ રહ્યા છે. પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે. તાજેતરમાં જ જારી કરવામાં આવેલા એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૩૬ ટકા લોકો ક્યારેક ક્યારેક ઓનલાઈન ચેટિંગનો શિકાર થઈ જાય છે. ઓનલાઈન બિલ પેમેન્ટ કરવા, કોઈ ઈ-કોમર્સ સાઈટ પર ગેજેટની ખરીદી કરતી વેળા અને એટીએમમાંથી પૈસા ઉપાડતી વેળા લોકો છેતરપિંડીનો શિકાર થઈ જાય છે. આરબીઆઈના ડેટા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૧માં બેંકોના એટીએમ, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ સાથે સંબંધિત ફ્રોડના અનેક મામલા નોંધવામાં આવ્યા હતા. આ એવા ૪૯૪૫૫ કેસો કરતા અલગ છે જે ફિશિંગ, સ્કેનિંગ, હેકિંગ સાથે જોડાયેલા છે. એટલુ જ નહી આવા મામલાની સંખ્યા અનેક ગણી વધારે છે જેનો ઉલ્લેખ રિપોર્ટમાં કરવામાં આવ્યો નથી. ઓનલાઈન શોપિંગનો ક્રેઝ હાલમાં સૌથી વધારે જોવા મળે છે. તેમાં ઓનલાઈન શોપિંગ ખુબ સુવિધાજનક છે. ઈલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓની ખરીદી કરવા અને અને ઘરની કોિ ચીજવસ્તુઓ ખરીદવા માટે હવે ઓનલાઈન શોપિંગનો ક્રેઝ વધારે જોવા મળે છે. દુખદ બાબત એ છે કે ઓનલાઈન શોપિંગમાં પણ કેટલીક પ્રકારની છેતરપિંડીની શરૂઆત થઈ ગઈ છે. કેટલાક કેસમાં ઓનલાઈન ઓર્ડર કરવામાં આવ્યા બાદ આપની પાસે પ્રોડક્ટ પહોંચી શકતી નથી. અથવા તો કેટલાક કેસમાં તુટેલી ચીજવસ્તુઓ પહોંચી જાય છે. કેટલાક કેસમાં બનાવટી ચીજ પણ પહોંચી જાય છે. કેટલાક કેસમાં ખાલી પેકેટ પણ મળી જાય છે. કેટલાક કેસમાં પથ્થર ભરેલા પેકેટ પણ મળી જાય છે. એક ગાજિયાબાદની વ્યક્તિએ માહિતી આપતા કહ્યુ છે કે ૪૬ હજાર રૂપિયામાં આઈફોન-૬ ઓર્ડર કરવામાં આવ્યા બાદ પેકેટ ઘરે પહોંચતા તેમાં પથ્થર નિકળ્યા હતા. હકીકતમાં આ સમસ્યા કોઈ પણ તબક્કામાં થઈ શકે છે.

## ચંદ્રને મામા જ તેમ કહેવાય છે, કાકા, માસા કે ફૂઆ કેમ નહીં?



સવાલ ભલે થોડો અળવિતરો લાગે પણ છે એકદમ મુદ્દાનો. અત્યાર સુધી ભલે તમને આ સવાલ ના થયો હોય પણ હવે ચોક્કસ જ વાંચીને તમને પણ ઉત્સુક્તા તો થઈ જ હશે ને કે હા રે, ચાંદાને હંમેશા મામા તરીકે જ કેમ સંબોધવામાં આવે છે? કેમ આપણે તેને માસા, કાકા, ભાઈ કે ફૂઆ તરીકે નથી સંબોધતા? થોડા ફ્લેશબેકમાં જઈએ અને બાળપણમાં જઈએ તો અત્યાર સુધી ચંદ્રને લગતી બધી વાર્તાઓ કે કવિતાઓમાં તેને મામા તરીકે દર્શાવવામાં આવ્યો છે. ચંદામામા દૂર કે હોય કે પછી ચંદામામા કી બારાત હોયપ પરંતુ શું તમે ક્યારેય તમને સવાલ થયો છે કે શા માટે દરેક વખતે ચંદ્રને મામા જ બનાવવામાં આવે છે. તેને કાકા, માસા કે ફુઆ કેમ નથી બનાવાતા. ચાલો, આજે આપણે આ પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરીશું. ચંદાના મામા બનવા પાછળ કોઈ એક વાર્તા નથી, પરંતુ તેની પાછળ ધાર્મિક, પૌરાણિક અને ભૌગોલિક કારણો પણ જવાબદાર છે. ધાર્મિક દષ્ટિકોણથી જોઈએ અને વાત કરીએ તો ચંદ્રને મા લક્ષ્મીનો ભાઈ માનવામાં આવે છે અને આપણે બધા જ મા લક્ષ્મીને માતા માનીએ છીએ એટલે માતાના ભાઈને આપણે મામા કહીને જ બોલાવીએ છીએ ને? હવે આગળ વધીએ અને વાત કરીએ બીજા કારણ વિશે તો આ કારણ ભૌગોલિક છે. આ ભૌગોલિક કારણ અનુસાર ચંદ્ર એ પૃથ્વીનો એકમાત્ર ઉપગ્રહ છે અને તે પૃથ્વીની આસપાસ ફરે છે. આ દષ્ટિકોણથી ભાઈ અને બહેનના સંબંધને જોઈએ તો ભાઈ પણ તેની બહેનની આગળ પાછળ ફરે છે. આવી પરિસ્થિતિમાં ચંદ્રની પૃથ્વીની આસપાસ ફરવાની વૃત્તિ ભાઈ-બહેનના સંબંધ સાથે જોડવામાં આવે છે અને આપણે પૃથ્વીને માતા કહીએ છીએ એટલે આ કારણે પણ આપણે ચંદ્રને મામા કહેતા થઈ ગયા છીએ.

# કાર ઈન્શ્યોરન્સ ક્લેઈમ કરતી વખતે ધ્યાનમાં રાખો આ બાબતો

કાર ઈન્સ્યોરન્સ ક્લેઈમ લેવો ભલે આપણને ગમે એટલું સરળ લાગે, પરંતુ હકીકતમાં તો આ કામ એક થકવી નાખનારી પ્રક્રિયા બની શકે છે. ઈન્શ્યોરન્સના ક્લેઈમના પૈસા મેળવવા એ કંઈ એટલું સરળ કામ નથી. જોકે, ક્લેઈમ દાખલ કરતા પહેલાં, તમે પૂરતી માહિતી લઈ લો અને પુષ્ટિ કરેલી વિગતો સાથે તમારો ક્લેઈમ તૈયાર કરો છો તો તમારો ક્લેઈમ ઝડપથી પાસ થઈ શકે છે. ઘણી વખત એવું જોવા મળે છે કે કાર વીમાનો દાવો કર્યા પછી, વીમા કંપની કેટલીક ત્રુટિઓને કારણે ક્લેઈમ રિજેક્ટ કરી નાખે છે અને અંદરખાને તો દરેક વ્યક્તિ એવું જ ઈચ્છતી હોય છે કે તેનો ક્લેઈમ રિજેક્ટ ન કરવામાં આવે.

હવે આ બધા વચ્ચે લાખ રૂપિયાનો સવાલ એ છે કે આખરે વીમાનો ક્લેઈમ કરવાની સાચી રીત કઈ છે? એવું શું કરવું જોઈએ કે જેથી કરીને તમને તમારા ક્લેઈમની પૂરેપૂરી રકમ મળે અને ક્લેઈમ રિજેક્ટ ન કરવામાં આવે. આજે આપણે અહીં આ વિશે જ વાત કરીશું કે એવા કયા પાંચ મુદ્દાઓ છે કે જેને ધ્યાનમાં રાખીને તમે તમારો ક્લેઈમ પાસ કરાવી શકો છો.

ફોર વ્હીલર વીમાના દાવાઓ નકારવામાં આવે તે સામાન્ય બાબત છે. ઘણા લોકોએ આ



વાતનો અનુભવ કર્યો હશે. જો કે, તમારું ક્લેમ ફોર્મ ભરતા પહેલા આ પાંચ બાબતોને ધ્યાનમાં રાખો. હોન્ડા અથવા મારુતિ વીમા દાવો ફાઈલ કરતા પહેલા આ મુદ્દાઓને અનુસરો.

એફઆઈઆર રજિસ્ટર્ડ કરાવો સૌથી પહેલાં તો કાર ઈન્શ્યોરન્સ ક્લેઈમ કરતાં પહેલાં પોલીસમાં એફઆઈઆર નોંધાવી લો. તમારી કારને કેટલું નુકસાન થયું છે એ ધ્યાનમાં લીધા વિના, ફ્રૈંઈ દાખલ કરીને તમારા ક્લેઈમ વેરિફાઈ થાય છે. એની સાથે સાથે જ કાયદાકીય કાર્યવાહીની સાથે જરૂરી પુરાવા પણ એકઠા કરવામાં આવે છે.

કેટલીક વીમા કંપનીઓ કાર અકસ્માત, ચોરી, જાન-માલની ખોટ વગેરે માટે FIRની માંગણી કરે છે. બીજી બાજું, એફઆઈઆરની નકલ આપવાથી દાવો મજબૂત થાય છે.

ઈન્શ્યોરન્સ કંપનીને આપો પૂરેપૂરી માહિતી જી હા, ઈન્શ્યોરન્સ કંપનીને પૂરેપૂરી સાચી માહિતી આપવી ખૂબ જ જરૂરી છે. જો તમે કોઈપણ માહિતી છુપાવો છો, તો તમારે પછીથી તમારે રિજેક્શનનનો સામનો કરવો પડી શકે છે. આ જ તાકણે ક્લેઈમ સાથે, વીમા પોલિસીના દસ્તાવેજો, કારનું નોંધણી પ્રમાણપત્ર (RC), ડ્રાઈવિંગ લાઈસન્સ, ફ્રૈંઈની નકલ પણ જોડો.

ક્લેઈમ માટેના ફોર્મમાં હંમેશા સાચી અને સચોટ માહિતી ભરવી જોઈએ. દાવાની ફોર્મ પ્રમાણિકતાથી ભરો અને ખાતરી કરો કે ફોર્મમાં તમારાથી કોઈ ભૂલ નથી કરી. એમાં પણ ખાસ કરીને સ્પેલિંગ કે ટાઈપિંગમાં કોઈ ભૂલ ન થાય એનું ખાસ ધ્યાન રાખો. નામ, પોલિસી નંબર, કાર રજીસ્ટ્રેશન નંબર અને અન્ય વિગતો સારી રીતે તપાસો.

કાર ઈન્શ્યોરન્સ પોલિસીના નિયમો અને શરતો વાંચવી ખૂબ જ જરૂરી છે. જો તમે પોલિસી સંબંધિત બાબતોને સારી રીતે વાંચીને, તમે કવરેજ અને દાવાની પ્રક્રિયા વિશે પૂરેપૂરી માહિતી મેળવી લો છો.

# પર્યાવરણની તબિયત સુધારે છે વાંસ

વાંસ ધરતીમાં સૌથી મોટો કુદરતી વાયુશોધક છે. ભલે મૂળરૂપે તે એક ઘાસનો છોડ ગણાતો હોય, પણ પોતાની કઠોર સંરચનાને કારણે તે ઝાડ હોવાનો આદર મેળવે છે. વાંસની અનેક પ્રજાતિઓની લાકડી એટલી કઠોર હોય છે કે તેનાં પર કુહાડી મારવામાં આવે તો કુહાડીની ધાર બુઠ્ઠી થઈ જાય છે. વાંસ લગભગ એક સમૂહમાં જ જોવા મળે છે અને તેની ગણતરી પણ એ જ રીતે થાય છે. જેને અમુક જગ્યાએ 'વાંસની કોઠી' પણ કહેવામાં આવે છે.

સામાન્યપણે વાંસની એક કોઠીમાં ૨૦ થી ૨૫થી માંડીને અનેક સેંકડો સુધીના વાંસ હોય છે. વાંસની એક કોઠી જે લગભગ ૪૦-૫૦ વાંસથી મળીને બની હોય, વર્ષમાં ઓછામાં ઓછા ૭૦ ટન ઓક્સિજનનું ઉત્પાદન કરે છે અને દર વર્ષે ૮૦ ટન કાર્બન ડાયોક્સાઈડને શોષી લે છે. પોતાની ઓક્સિજન બનાવવાની ક્ષમતા અને કાર્બન ડાયોક્સાઈડ શોષવાની ક્ષમતાને કારણે જ વાંસ અત્યારે 'ગ્લોબલ વૉર્મિંગ'ના યુગમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે. ઓક્સિજન બનાવવાના આ વિશેષ ગુણને કારણે જ વાંસ પર્યાવરણનો સૌથી મોટો શુભચિંતક છે. સામાન્યપણે ૩૦ થી ૧૫૦ ફૂટ સુધી લાંબા અને પા ઈંચથી માંડીને એક ફૂટ સુધીની પહોળાઈ ધરાવનારા વાંસના ઝાડને જો કાપવામાં ન આવે તો એક્ તિકપણે લગભગ ૧૨૦ વર્ષ સુધી જીવિત રહે છે અને આખી ઉંમર દરમિયાન બીજાં ઝાડો અને ઝાડનાં સમુહના મુકાબલે ૩૫ ટકા સુધી વધુ ઓક્સિજન ઉપલબ્ધ કરાવે છે. વાંસ એક એવું ઝાડ કે વનસ્પતિ છે, જેની વૃદ્ધિ ચમત્કારિક રીતે થાય છે. ઘણી વાર તો એક દિવસમાં એક થી ૧.૨ મીટર સુધી વધી જાય છે. દુનિયામાં વાંસની જે પ્રજાતિ સૌથી વધારે ઝડપથી વધે છે તે ઉષ્ણકટીબંધના વિશાળ વાંસ ડેન્ડ્રોક્લામસ એસ્પર છે. તેની વૃદ્ધિ બીજાં ઝાડ-છોડવાના મુકાબલે પરેશાન કરી મૂકે એવી હોય છે. વાંસનું વૈજ્ઞાનિક નામ બંબુસા વાલ્ગરીસ છે.વાંસ સામાન્યપણે ગાઢ જંગલમાં ઊગે છે, જ્યાં નીચલા સ્તરે સૂર્યપ્રકાશ હોતો નથી. દરેક છોડવાને જીવિત રહેવા માટે સૂર્યના પ્રકાશની જરૂર હોય છે, કેમ કે સૂર્યના પ્રકાશની હાજરીમાં જ તેઓ પોતાના લીલાં પાંદડાંમાં રહેલાં ક્લોરોફિલ તથા પાણીની મદદથી ગ્લુકોઝ ઉત્પન્ન કરે છે. આ પ્રક્રિયામાં એ કાર્બન ડાયોક્સાઈડ શોષે છે અને ઓક્સિજન છોડે છે. ઝાડ-છોડવાની ભોજન બનાવવાની પ્રક્રિયાને પ્રકાશ સંશ્રૃલેષણ કહેવામાં આવે છે. દુનિયામાં વાંસનું સૌથી વધારે ઉત્પાદન ચીનમાં અને બીજા નંબરે ભારતમાં થાય છે. ભારતમાં દર વર્ષે લગભગ ૧.૩૫ કરોડ ટન વાંસનું ઉત્પાદન થાય છે. આ અંગે દેશનું ઉત્તર પૂર્વી ક્ષેત્ર ખૂબ જ સંપન્ન છે.

દેશમાંના વાંસના ઉત્પાદનના ૬૫ ટકા અને દુનિયાના લગભગ ૨૦ ટકા વાંસ અહીં ઉત્પન્ન થાય છે. રાજ્યની દષ્ટિએ જોઈએ તો ભારતમાં સૌથી વધારે વાંસનું ઉત્પાદન કરનારું રાજ્ય મિઝોરમ છે. અહીં લગભગ ૧.૫ કરોડ હેક્ટર ક્ષેત્રમાં વાંસની ખેતી થાય છે. મિઝોરમ ઉપરાંત ભારતમાં વાંસનું ઉત્પાદન કરનારા રાજ્યોમાં અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપૂરા છે. દેશના બીજાં રાજ્યોમાં અને ક્ષેત્રોમાં વાંસનું ઉત્પાદન કરવામાં આવે છે, પણ સૌથી વધારે વાંસ ઉત્તર-પૂર્વ રાજ્યોમાં જ ઉત્પન્ન થાય છે. ખેડૂતો માટે આર્થિક દષ્ટિથી પણ વાંસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

## પગ ધોઈને સુવાથી સ્વાસ્થ્યને ૫ ગજબના ફાયદા



જો તમે અત્યાર સુધી દિવસભરના કામકાજ બાદ પગ ધોયા વગર બેડ પર સુવા પહોંચી જાવ છો તો તમારે તમારી આ આદતને તત્કાલ બદલવાની જરૂર છે. આમ કરવાથી તમે અજાણતા તે હેલ્થ બેનિફિટ્સને ખુદથી દૂર કરી રહ્યાં છો જે રાત્રે પગ ધોઈને સુવાથી મળે છે. તમને ખ્યાલ નહીં હોય કે પગ ધોઈને સુવુ માત્ર હાઈજીન નથી પરંતુ તેનાથી સ્વાસ્થ્યને ઘણા ફાયદા મળે છે. તેવામાં આજે અમે તમને રાત્રે પગ ધોઈને સુવાથી મળતા ફાયદા વિશે જણાવીશું. વ્યક્તિના શરીરનું સમગ્ર વજન તેના પગ દ્વારા દિવસ દરમિયાન વહન કરવામાં આવે છે. જેના કારણે પગમાં જકડાઈ જવા કે ખેંચાણ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જો તમને પણ આ સમસ્યા હોય તો રાત્રે સૂતા પહેલા પગ ધોયા પછી જ સૂઈ જાઓ. આમ કરવાથી માત્ર પગની માંસપેશીઓ જ નહીં પરંતુ સાંધાના દુખાવામાં પણ રાહત મળે છે.

# જૂન અંત સુધીમાં સમગ્ર રાજ્યમાં વરસાદ

મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં આતુરતાથી ચોમાસાની રાહ જોવી રહ્યા છે. જૂન મહિનો પૂરા થવાની નજીક છે, છતાં હજી સુધી ચોમાસું જામ્યું નથી. રાજ્યના અમુક જિલ્લામાં હાલ વરસાદ પડી રહ્યો છે, તો અમુક જગ્યાએ કાળઝાળ ગરમી પડી રહી છે. વરસાદની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે ત્યારે આગામી પાંચ દિવસમાં રાજ્યમાં વાતાવરણમાં પલટો આવવાની શક્યતા છે. અમુક જિલ્લામાં વરસાદ પડવાની શક્યતા છે ત્યારે વિદર્ભમાં જોર કાયમ રહેશે એવો અંદાજ હવામાન ખાતાએ મંગળવારે વ્યક્ત કર્યો છે. હવામાન ખાતાના કહેવા મુજબ આગામી પાંચ દિવસ રાજ્યમાં અનેક જગ્યાએ વીજળીના ગડગડાટ સાથે હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડવાની શક્યતા છે.


વિદર્ભમાં હાલ ગરમીનું મોજું ફરી વળ્યું છે અને મોટાભાગના શહેરમાં ૪૦થી ૪૨ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું. હજી એકાદ-બે દિવસ વિદર્ભ અને મરાઠવાડમાં ગરમીનું જોર રહેશે અને ત્યારબાદ અહીં પણ હળવો વરસાદ પડવાની શક્યતા છે અને ૨૫ જૂન બાદ રાજ્યના તમામ વિસ્તારમાં વરસાદ પડે એવી શક્યતા છે. તો દક્ષિણ કોંકણ સહિત ગોવામાં ૨૦થી ૨૪ જુલાઈ સુધીમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. મુંબઈનો સમાવેશ દક્ષિણ



કોંકણમાં થતો હોવાથી મુંબઈમાં પણ આગામી દિવસમાં વરસાદની શક્યતા છે. ઓક્સિજન બનાવવાના આ વિશેષ ગુણને કારણે જ વાંસ પર્યાવરણનો સૌથી મોટો શુભચિંતક છે. સામાન્યપણે ૩૦ થી ૧૫૦ ફૂટ સુધી લાંબા અને પા ઈંચથી માંડીને એક ફૂટ સુધીની પહોળાઈ ધરાવનારા વાંસના ઝાડને જો કાપવામાં ન આવે તો એક પ્રાકૃતિકપણે લગભગ ૧૨૦ વર્ષ સુધી જીવિત રહે છે. અને આખી ઉંમર દરમિયાન બીજાં ઝાડો અને ઝાડનાં સમુહના મુકાબલે ૩૫ ટકા સુધી વધુ ઓક્સિજન ઉપલબ્ધ કરાવે છે. વાંસ એક એવું ઝાડ કે વનસ્પતિ છે, જેની વૃદ્ધિ ચમત્કારિક રીતે થાય છે. ઘણી વાર તો એક દિવસમાં એક થી ૧.૨ મીટર સુધી વધી જાય છે.

BOLLYWOOD NEWS FLASH

## નુસરત ભરૂચાની આ ફિલ્મ એક ભારતીય છોકરી વિશે છે જે યુદ્ધગ્રસ્ત ઇરાકમાં એકલી ફસાયેલી છે



। મુંબઈ, તા.૭ ।

બોલિવૂડ એક્ટ્રેસ નુસરત ભરૂચાની અકેલી ફિલ્મનું ટ્રેલર આવી ગયું છે. નુસરતે ઈન્સ્ટાગ્રામ પર ટ્રેલર વીડિયો દ્વારા ચાહકોને જાણે ચોંકાવી દીધા છે. આ વીડિયો શેર કરતાં તેણે લખ્યું, 'અકેલી એક સામાન્ય છોકરીની જિંદગી બચાવવાની લડાઈ છે. ફિલ્મ અકેલી ૧૮મી ઓગસ્ટે સિનેમાઘરોમાં આવી રહી છે. નુસરત ભરૂચાની આ ફિલ્મ એક ભારતીય છોકરી વિશે છે જે યુદ્ધગ્રસ્ત ઈરાકમાં એકલી ફસાયેલી છે અને તે કેવી રીતે તમામ અવરોધો સામે ટકી રહેવા માટેનો સંઘર્ષ કરે છે. અકેલીના ટ્રેલરમાં નુસરત ભરુચાનું પાત્ર ભાગી જવાનો પ્રયાસ કરે છે પરંતુ તે સશસ્ત્ર માણસોથી ઘેરાયેલી છે. તેમાં દર્શાવાયું છે કે તેણે કેવી રીતે કારકિર્દી માટે મોસુલ છોડ્યું, યુદ્ધ શરૂ ના થાય ત્યાં સુધી નવા દેશમાં કામ કર્યું અને તેને અન્ય મહિલાઓ સાથે લઈ જવામાં આવી. નુસરત ભરૂચા પહેલા ક્યારેય ના જોયેલા અવતારમાં જોવા મળી રહી છે. ફિલ્મ 'અકેલી'નું ડિરેક્શન પ્રણય મેશ્રામે કર્યુ છે. આ ફિલ્મનું નિર્માણ દશમી સ્ટુડિયો દ્વારા કરવામાં આવ્યું છે. ઈઝરાયલી શ્રેણી 'ફૌદા'માં તેમના અભિનય માટે જાણીતા અભિનેતા ત્સાહી હલેવી અને અમીર બુટ્રોસ આ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. 'અકેલી'ના શૂટિંગ વિશે વાત કરતાં નુસરતે એક નિવેદનમાં કહ્યું હતું કે, 'અકેલીનો એકદમ જબરદસ્ત અનુભવ રહ્યો છે અને મેં અત્યાર સુધી જે કર્યું છે તેનાથી ખૂબ જ અલગ છે. આવું પાત્ર ભજવવાથી મને અનેક પડકારો વિશે જાણવા મળ્યું છે. મને આશા છે કે દર્શકો મારા પાત્ર સાથે જોડાઈ શકશે અને આશા છે કે તેઓને આ ફિલ્મ ગમશે.



## કભી ખુશી કભી ગમની એક્ટ્રેસ માલવિકા રાજે કરી સગાઈ

। મુંબઈ, તા.૭ ।

કરણ જોહરની ફિલ્મ 'કભી ખુશી કભી ગમ'માં નાની પૂ એટલે કે કરીના કપૂરનો બાળપણનો રોલ કરનારી અભિનેત્રી માલવિકા રાજે સગાઈ કરી લીધી છે. માલવિકાએ ૪ ઓગસ્ટના રોજ સોશિયલ મીડિયા પર સુંદર તસવીરો શેર કરીને પોતાની સગાઈની જાહેરાત કરી હતી. માલવિકાએ બિઝનેસમેન પ્રણવ બગ્ગા સાથે સગાઈ કરી છે. પ્રણવે માલવિકાની તુર્કીમાં પ્રપોઝ કરી હતી. માલવિકાએ શેર કરેલી તસવીરોમાં જોઈ શકો છો કે, તેણે અને પ્રણવે વ્હાઈટ રંગના આઉટફિટમાં ટ્વિનિંગ કર્યું છે. માલવિકાએ સફેદ રંગનું ગાઉનું પહેર્યું છે જ્યારે પ્રણવ કેઝ્યુઅલ લૂકમાં જોવા મળે છે. પહેલી તસવીરમાં પ્રણવ માલવિકાના કપાળ પર કિસ કરતો જોવા મળે છે. જ્યારે બીજી તસવીરમાં તે ઘૂંટણિયે બેસીને માલવિકાને પ્રપોઝ કરે છે. ત્રીજી અને ચોથી તસવીરમાં બંને રોમેન્ટિક પોઝ આપતા દેખાઈ રહ્યા છે. બેકડ્રોપમાં હોટ એર બલૂન્સ જોવા મળી રહ્યા છે અને મેરી મી લખેલું ડેકોરેશન સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે. માલવિકાએ આ તસવીરો શેર કરતાં લખ્યું,

### ઈશિતા દત્તાએ કેપ્શનમાં લખ્યું 'ડિલિવરીના થોડા કલાક બાદનું દ્રશ્ય, સારું તેણે મને મદદ કરી હતી અને તેથી ખૂબ થાકી ગયો હતો

## બાળકને જન્મ તો મેં આપ્યો, તો પછી આ કેમ વધારે થાકી ગયો? : ઈશિતા દત્તા

। મુંબઈ, તા.૭ ।

ના ઘરે દીકરાનો જન્મ થયો હતો. પ્રેગ્નેન્સી દરમિયાન એક્ટ્રેસ ખૂબ જ એક્ટિવ રહી હતી અને સોશિયલ મીડિયા પર એક-એક માહિતી આપતી રહેતી હતી. ડિલિવરી બાદ પણ ફેન્સને કોઈ વાત કહેવાનું ચૂકતી નથી. હાલમાં જ તેણે એક વીડિયો શેર કર્યો હતો, જેમાં દીકરો આવ્યાના ૧૫ દિવસ બાદ હવે તેને ઊંઘની કમી ન લાગી રહી હોવાનું કહ્યું હતું. હવે તેણે વધુ એક વીડિયો શેર કર્યો છે, જે તેની ડિલિવરી થઈ તે બાદ તરત શૂટ કર્યો હતો. જેમાં તેણે ન્યૂ ડેડ વત્સલ શેઠને ઘસઘસાટ ઉંઘતા દેખાડ્યો હતો. વીડિયોમાં તેણે કહ્યું 'ડિલિવરી મારી થઈ, બાળકને જન્મ મેં આપ્યો અને થાકી કોણ ગયું છે? પપ્પા શાંતિથી ઊંઘી રહ્યા છે. તેણે મને મદદ કરવી જોઈએ પરંતુ તે જ સૂઈ ગયો, તે પણ બાળકની બાજુમાં. બાળક પણ થાકી ગયું છે. તેણે એવું શું કર્યું છે કે તે થાકી ગયો?

ઈશિતા દત્તાએ કેપ્શનમાં લખ્યું 'ડિલિવરીના થોડા કલાક બાદનું દ્રશ્ય, સારું તેણે મને મદદ કરી હતી અને તેથી ખૂબ થાકી ગયો હતો અને હું ઊંઘી તેના કરતાં તે વધારે ઊંઘ્યો... હાહાહા. જદ્દૃંજદ્દજ્ઞજરીરં સમજાવવા માટે કાળજી'. એક્ટ્રેસની ફ્રેન્ડ તન્વી ઠક્કર, જે પણ હાલમાં જ દીકરાની મમ્મી બની છે તેણે કોમેન્ટ કરતાં લખ્યું 'અહીંયા પણ આવો જ સીન છે' તો એક્ટ્રેસ નિશિ સિંહે કોમેન્ટ કરી 'જીજુ તમે કેમ ઊંઘી રહ્યા છો?' આ સિવાય ચારુ મલિકે મજાક કરતાં અભિનંદન પાઠવ્યા છે. એક ફેને લખ્યું 'પિતા આવા જ હોય છે.



### પુષ્પા ૨ આવતા વર્ષે ૨૦૨૪માં રિલીઝ થશે અને તેની અંતિમ તારીખ હજી જાહેર કરવામાં આવી નથી

## અલ્લૂ અર્જૂને હૈદરાબાદમાં શરૂ કર્યું પુષ્પા ૨નું શૂટિંગ

। મુંબઈ, તા.૭ ।

ફેન્સ ઘણા સમયથી અલ્લુ અર્જૂનની ફિલ્મ 'પુષ્પા ૨'ની આતૂરતાથી રાહ જોઈ રહ્યા છે. અત્યારે ફિલ્મનું શૂટિંગ હાલમાં ચાલી રહ્યું છે, અને નિર્માતાઓ ફિલ્મને વૈભવી બનાવવા માટે કોઈ કસર છોડી રહ્યા નથી. હવે આ ફિલ્મનું હેવી શેડ્યૂલ હૈદરાબાદમાં શરૂ થઈ ગયું છે. ૬ ઓગસ્ટથી અલ્લુ અર્જુન અને બાકીના કલાકારોએ હૈદરાબાદના રામોજી ફિલ્મ સિટીમાં શૂટિંગ શરૂ કર્યું છે. ફિલ્મ સાથે જોડાયેલા એક સૂત્રએ માહિતી આપી હતી કે, દેશભરમાં વિવિધ સ્થળોએ શૂટિંગ શેડ્યૂલ પૂર્ણ કર્યા પછી પુષ્પા ૨ ધ રૂલના નિર્માતાઓ હૈદરાબાદમાં નવું શેડ્યૂલ શરૂ કરશે. નવા શેડ્યૂલ માટે પ્રી પ્રોડક્શનનું કામ પૂર્ણ થઈ ગયું છે. અલ્લુ અર્જૂન અને બાકીના કલાકારો રવિવાર (૬ ઓગસ્ટ)થી હૈદરાબાદમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. એક સૂત્રએ માહિતી આપી હતી કે, કાસ્ટ રામોજી ફિલ્મ સિટીમાં પુષ્પા ૨ની કેટલીક મહત્વપૂર્ણ સિક્વન્સનું શૂટિંગ કરશે. આ માટે ત્યાં લક્ઝૂરિયસ સેટ ઊભા કરવામાં આવ્યા છે. નિર્માતાઓ ફિલ્મને દર્શકો માટે ભવ્ય વિઝ્યુઅલ ટ્રિટ બનાવવા માટે કોઈ કસર છોડી રહ્યા નથી. પુષ્પા ૨એ વર્ષ ૨૦૨૧માં આવેલી પુષ્પાઃ ધ રાઈઝની સિક્વલ છે. આ ફિલ્મને સુકુમારે ડિરેક્ટ કરી છે. જ્યારે આમાં અલ્લુ અર્જૂન સિવાય રશ્મિકા મંદાના અને ફહાદ ફાસિલ પણ હતા. આ બંને હવે પુષ્પા ૨માં પણ જોવા મળશે. એવું જાણવા મળી રહ્યું છે કે, પુષ્પા ૨માં વિજય સેતુપતિ પણ કામ કરી શકે છે. નિર્માતાઓએ એપ્રિલ ૨૦૨૩માં અલ્લુ અર્જૂનના જન્મદિવસ પર પુષ્પા ૨નું ટિઝર રિલીઝ કર્યું હતું, જેણે ચાહકોને ઉત્સાહિત કર્યા હતા. ટિઝરમાં બતાવવામાં આવ્યું છે કે, કેવી રીતે પુષ્પરાજ જેલમાંથી ભાગી ગયા બાદ ગાયબ થઈ ગયો. તેને ૮ ગોળીઓ વાગી હતી. બધાને લાગ્યું કે, પુષ્પા મરી ગયો છે. જ્યારે વાસ્તવમાં તે જંગલોમાં જંગલી પ્રાણીઓ માટે લગાવેલા કેમેરામાં કેદ થઈ જાય છે. ફિલ્મની રિલીઝ ડેટને લઈને હજી સુધી કોઈ અપડેટ જાહેર કરવામાં આવ્યું નથી. એવા અહેવાલો હતા કે, નિર્માતાઓએ 'પુષ્પા ૨' ફરીથી શૂટ કરવાની યોજના બનાવી છે અને તેના કારણે રિલીઝમાં વિલંબ થઈ રહ્યો છે. હવે સમાચાર છે કે, તે મે ૨૦૨૪ પહેલા રિલીઝ નહીં થાય.



# લીટર માસ્ટર ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના બાળકોને પંચામૃત ડેરી પર લઈ જઈ સમજ આપવામાં આવી

## બાળકોને આ ટ્રીપ માંથી ઘણું બધું જાણવા મળ્યું

। પંકજ પંડિત ઝાલોદ, તા.૭ ।

લીટલ માસ્ટર ઈંગ્લીશ મીડીયમ સ્કુલ લીમડી તારીખ ૪ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ શાળામાંથી ધોરણ ત્રણ અને ચાર ના વિદ્યાર્થીઓને લીમડી શાખામાં આવેલી પંચામૃત ડેરીમાં ફિલ્ડ ટ્રીપ માટે લઈ જવામાં આવ્યા હતા ત્યાં કે.વી પાટીલ તેમજ જે.એચ. બારીયા દ્વારા શાળાના બાળકોને અલગ અલગ પ્લાન્ટ વિશેની માહિતી આપી હતી જેમાં અલગ અલગ મશીનો જેમકે સાઈન મશીન બોઈલર મશીન સોલર પ્લાન્ટ કોલ્ડ સ્ટોરેજ તેમજ નાના નાના ગામડામાંથી દૂધ કેવી રીતે એકત્રિત કરવામાં આવે છે તેની પણ માહિતી આપવામાં આવી હતી. શાળાના મેનેજિંગ ડાયરેક્ટર અમિત દેવડા તેમજ શાળાના આચાર્ય મિત્તલ શર્માના માર્ગદર્શન હેઠળ મોહિનીબેન અને રેણુકાબેન તેમજ વંદનાબેન એ બાળકોને દૂધમાંથી અલગ અલગ વાનગીઓ બનાવવાનું કહેવામાં આવ્યું હતું તે પ્રમાણે બાળકો અલગ અલગ



વાનગીઓ બનાવીને લાવ્યા હતા. તેની પણ માહિતી આપવામાં આવી હતી. શાળાના મેનેજિંગ ડાયરેક્ટર અમિત દેવડા તેમજ શાળાના આચાર્ય મિત્તલ શર્માના માર્ગદર્શન હેઠળ મોહિનીબેન અને રેણુકાબેન તેમજ વંદનાબેન એ બાળકોને દૂધમાંથી અલગ અલગ વાનગીઓ બનાવવાનું કહેવામાં આવ્યું હતું તે પ્રમાણે બાળકો અલગ અલગ વાનગીઓ બનાવીને લાવ્યા હતા. બાળકોને આ ટ્રીપ માંથી ઘણું બધું જાણવા મળ્યું છે તેથી શાળા તરફથી જે.એચ.બારીયા તેમજ કે.વી.પાટીલનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

# સરથાણામાં જીપના બોનેટ પર ચઢી સ્ટંટ કરનારા પર પોલીસની કાર્યવાહી

## નર્મદામાં પણ સ્ટંટબાજો બેફામ બન્યા હતા, સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ પર યુવતીના સ્ટંટનો વીડિયો વાયરલ થયો છે

। સુરત, તા.૭ ।

સુરતના સરથાણામાં જીપના બોનેટ પર ચઢી સ્ટંટ કરનારા બે સગીરની પોલીસે અટકાયત કરી હતી. મળતી જાણકારી અનુસાર શહેરના સરથાણા વિસ્તારમાં જીપના બોનેટ પર ચડી સગીરે સ્ટંટ કરીને જીવ જોખમમાં મુક્યો હતો. ત્રણ મહિના પહેલાનો આ વીડિયો વાયરલ થયા બાદ પોલીસે સ્ટંટબાજ સગીરોની અટકાયત કરી હતી. મળતી જાણકારી અનુસાર, સરથાણામાં નવજીવન હોટલ પાસે પેન્ટા સ્કાય બિલ્ડિંગ પાસે એક જીપના બોનેટ પર ચઢી એક સગીર સ્ટંટ કરતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જીપના બોનેટ પર સગીર ચલાવતો હતો. ત્રણ મહિના પહેલાની ઘટનાનો વીડિયો વાયરલ થતા પોલીસ દોડતી થઈ હતી. રીલના ચક્કરમાં સુરતમાં નિયમોના ધજાગરા ઉડ્યા હતા. પોલીસે જીપ માલિક અને સ્ટંટ બાજની અટકાયત કરી હતી.ટ્રાફિક પોલીસની હેલ્પલાઈન નંબર પર કોઈ જાગૃત વ્યક્તિએ વીડિયો મોકલ્યો હતો. ચાર યુવકો મોપેડ પર છૂટ્ટા હાથે સ્ટંટ કરી રહ્યા છે. વીડિયો નાનપુરા ખ્વાજાદા રોડનો હોવાનું ખુલ્યું હતું. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

# અર્જુન બિજલાની હંમેશા એ ધ્યાન રાખે છે કે, તેનું વર્કઆઆઉટ નિયમિત રહે!

ઝી ટીવીનો તાજેતરમાં રજૂ થયેલા નવા શો શિવ-શક્તિની ગતિશિલતાને એક સમકાલીન રીતે રજૂ કરીને પ્રેમની હિલિંગ કરવાની શક્તિને દર્શાવવામાં આવી છે. 'સ્ટુડિયો એલએસડી પ્રોડક્શન્સ' દ્વારા પ્રોડ્યુસ મંત્રમુગ્ધ કરી દેતા શો એ તેના પ્રિમિયરથી જ દર્શકોને જકડી રાખ્યા છે. હવે તો એવું લાગી રહ્યું છે કે, અર્જુન બિજલાની- શિવ તરીકે અને નિક્કી શર્મા- શક્તિ તરીકે દર્શકોનું મનોરંજન કરવા માટે કોઈ કચાશ નથી રાખી રહ્યા! શોમાં ચાલી રહેલા જોરદાર નાટક માટે કલાકારો પણ રાત દિવસ એટલી મહેનત કરીને અદ્ભુત પ ર્ફોર્મન્સ આપી રહ્યા છે. ત્યારે એકમદ ફિટ અને આકર્ષક દેખાવ માટે અર્જુન બિજલાનીએ તેની ફિટનેસની પ્રતિબદ્ધાનું પણ હંમેશા ધ્યાન રાખે છે. શૂટિંગની અત્યંત વ્યસ્તતાની વચ્ચે, તેને વર્કઆઉટ માટે સમય કાઢવો મુશ્કેલ બની જાય છે. જો કે, અર્જુન કોઈપણ પરિસ્થિતિમાં તેની ફિટનેસ અને ચુસ્ત દેખાવવાના સમર્પણને વળગી રહ્યો છે. પ છી તે જીમ હોય કે પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિના સેટ પર હોય, તે હંમેશા ચુસ્ત અને આકર્ષક દેખાવા નિયમિત વર્કઆઉટ કરતો રહે છે! રસપ્રદ વાત તો એ છે કે, સેટ પર શોના બ્રેક



દરમિયાન અર્જુન તેના શારીરિક સૌષ્ઠવ પર ધ્યાન આપે છે અને સ્ક્વેચિસ તથા અન્ય તેની રોજિંદી કસરતો તે શૂટિંગ દરમિયાન જ કરી લે છે. શૂટિંગ પૂરું કર્યા બાદ, તે નિયમિત ધોરણે જીમમાં જાય છે અને જીમમાં સ્ટ્રેન્થ તથા ફંક્શનલ તાલિમ મેળવે છે અને સતત વધુ કરવા માટે તે વર્કઆઉટમાં તેની સિમા વધારીને એક્શન માટે તૈયાર જ રહે છે. શરીર અને મન બંનેનું શિલ્પ કરવું જરૂરી છે. એક વખત શૂટિંગ પૂરું થાય, તો હું જીમમાં જઈને મારી તાલિમ સંદર્ભના શારીરિક સૌષ્ઠવ પર ધ્યાન કેન્દ્રિત કરું છું, સેટ પર મારી બાઉન્ડ્રીઝ વધારી અને ચુસ્ત તથા સાજા રહેવા પર ધ્યાન કેન્દ્રિત કરું છું.

# દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ રચિત યુવા અને મહિલા સંગઠનની મીટીંગ દાહોદ ખાતે યોજાઇ



। આણંદ, તા.૨૦ ।

દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ આયોજિત દાહોદ જિલ્લા પંચાલ સમાજ યુવા અને મહિલા સંગઠનની મીટીંગ પંચાલ સમાજની વાડી દાહોદ ખાતે યોજાઈ ગઈ..

જેમાં સમાજ ઉત્કર્ષ ના વિવિધ મુદ્દાઓ પર વિશદ ચર્ચા હાથ ધરવામાં આવી તેમજ આગામી સમયમાં પંચાલ સમાજ દ્વારા આગામી સમયમાં જીવનસાથી પસંદગી અને પરિચય સંમેલન યોજવામાં આવનાર છે તે માટે દાહોદ જિલ્લાના પંચાલ સમાજના યુવક યુવતીઓ માટે દરેક તાલુકાઓમાં ફોર્મ ભરી નામ નોંધણીનું કામ હાથ ધરેલ છે જેથી દાહોદ જિલ્લા કક્ષાનો આ પ્રોગ્રામ ભવ્ય રીતે સફળ થાય. આ પ્રોગ્રામમાં ઉપસ્થિત તમામ મહાનુભવો દ્વારા માર્ગદર્શન આપી સમાજ વિકાસ માં તમામને આગળ આવવા અનુરોધ કરવામાં આવ્યો..આગામી યોજાનાર પરિચય સંમેલનમાં સૌ એ સાથ સહકાર આપી સફળ બને તેવા પ્રયાસ કરવા અપીલ કરવામાં આવી ત્યારબાદ છેલ્લે સૌના આભાર દર્શન સાથે મીટીંગની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી. તેવા પ્રયાસ કરવા અપીલ કરવામાં આવી ત્યારબાદ છેલ્લે સૌના આભાર દર્શન સાથે મીટીંગની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

# પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવનું પૌરાણિક-આધ્યાત્મિક-ઐતિહાસિક માહાત્મ્ય

મંદિર સાથે સંકળાયેલી દંતકથા શિવપુરાણ અને સ્કંદપુરાણ જેવા પ્રાચીન ભારતીય ગ્રંથોમાંથી આવે છે. એવું માનવામાં આવે છે કે ચંદ્ર(સોમ)ના લગ્ન દક્ષ પ્રજાપ તિની ૨૭ પુત્રીઓ સાથે થયા હતા,પરંતુ તે તેમાંથી માત્ર એક જ રોહિણીને પ્રેમ કરતા હતા. આ પક્ષપાતથી ગુસ્સે થઈને દક્ષે ચંદ્રને પોતાનું તેજ ગુમાવવાનો શ્રાપ આપ્યો.આ શ્રાપથી પીડાતા,ચંદ્ર પ્રભાસ પાસે આવ્યા અને ભગવાન શિવની પૂજા કરી, જેમણે તેમને આશીર્વાદ આપ્યા અને તેમને શ્રાપમાંથી આંશિક રીતે મુક્ત કર્યા,જેના કારણે ચંદ્રનું તેજઅને શરીર ક્ષીણ થયું.આ દૈવી હસ્તક્ષેપને માન આપવા માટે, ચંદ્રે ભગવાન શિવ માટે એક સુવર્ણ મંદિર બનાવ્યું, તેને "સોમનાથ મંદિર" - "સોમના ભગવાન" તરીકે ઓળખાયું

★ઈતિહાસઃ★

સોમનાથ મંદિરે વિવિધ આક્રમણોને કારણે શ્રેણીબદ્ધ વિનાશ અને પુનઃનિર્માણનો સામનો કરવો પડ્યો છે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા હાલ રાજ્યભરમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૩ ચાલી રહ્યો છે. જે અંતર્ગત વિવિધ મતદાન મથકો પર મતદાર યાદીમાં નવા ચૂંટણીકાર્ડમાં નામ નોંધાવવા, નામ કે સરનામા માં સુધારા વધારા કરવા કે નામ કમી કરવા વગેરે જેવી કાર્યવાહી કરવામાં આવી રહી છે. તાઃ-૬/૮/૨૦૨૩ ને રવિવારના રોજ અમદાદમાં બહેરામપુરા વોર્ડમાં આવેલ વિસ્તાર સંતોષ નગરમાં પણ વિવિધ મતદાન મથકો પર આ પ્રકાર ની કામગીરી ચાલી રહી હતી,જેમાં સામાજિક કાર્યકર્તા બંટી ચૌહાણ નેસ્ટ ઈન્ડીયા બહેરામપુરાવોર્ડ એરિયા પ્રેસિડેન્ટ મતદાન મથક પર પહોંચી જઈ બીએલઓ ના માર્ગદર્શન હેઠળ મતદારોને નામમાં સુધારા વધારા કરવા, નવા નામ દાખલ કરવા કે કમી કરવા કયું ફોર્મ ભરવું અને સામાજિક કાર્યકર્તા બંટી ચૌહાણ અને સંતોષનગર યુવા પરીવારના યુવાનો પણ આ કાર્યમાં પોતે જાતે સંતોષનગર વિસ્તારના સ્થાનિકોને ચૂંટણીકાર્ડના ફોર્મ ભરી આપ્યા હતા. અને ચૂંટણીકાર્ડ વિષય પર તે અંગેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉપરાંત ૧૮ વર્ષ પૂર્ણ થઈ ગયા હોય,અને તેવા મતદારોને મતદાર યાદીમાં નામ નોંધાવવા અપીલ કરી હતી.

# IRCTC પશ્ચિમ ઝોન અમદાવાદ થી ભારત ગૌરવ ટ્રેન દ્વારા "પુરી ગંગાસાગર સાથે દિવ્ય કાશી-અયોધ્યા-પ્રયાગરાજ દર્શન યાત્રા"નું બુકિંગ શરૂ થઇ ગયું છે.

ભારતીય રેલ્વે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC)ની રીજીનલ ઓફિસ , અમદાવાદ દ્વારા ભારત સરકારની પહેલ "એક ભારત શ્રેષ્ઠ ભારત ઔર દેખો અપના દેશ" અંતર્ગત અને રેલ્વે મંત્રાલય ના સહયોગથી ગુજરાત રાજ્યમાં પ્રથમ ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન ની સફળતા પછી ફરી એક વાર ભારત ગૌરવ ટ્રેન પુરી ગંગાસાગર સાથે દિવ્ય કાશી-અયોધ્યા-પ્રયાગરાજ દર્શન યાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે અને તેનું બુકિંગ શરૂ થઈ ગયું છે. ભારત ગૌરવ ટ્રેન દ્વારા "પુરી ગંગાસાગર સાથે દિવ્ય કાશી-અયોધ્યા-પ્રયાગરાજ દર્શન યાત્રા" પ્રવાસી ટ્રેનની મુસાફરી ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ રાજકોટ સ્ટેશનથી ઉપ ડશે અને ૧૦ નવેમ્બર ૨૦૨૩ના રોજ રાજકોટ પરત ફરશે. આ મુસાફરી ૧૧ દિવસની હશે. આ ટૂર પેકેજ માં **2AC** કમ્ફર્ટ ક્લાસ માટે રૂ.૪૨૫૦૦/-, **3AC** કમ્ફર્ટ ક્લાસ માટે રૂ.૩૫૦૦૦/- અને ઈકોનોમી/ સ્લીપર ક્લાસ **Non-AC** માટે રૂ. ૨૧૫૦૦/- નો દર રાખવામાં આવેલ છે.

## સહકારી ક્ષેત્રમાં વેપાર કરવો વધુ સરળ બનશે...

# મહારાષ્ટ્રના પુણેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે CRCSના ડિજિટલ પોર્ટલનું કર્યું

રવિવારે મહારાષ્ટ્રના પુણેમાં સેન્ટ્રલ રજિસ્ટ્રાર ઑફ કો-ઓપરેટિવ સોસાયટીઝ (CRCS) ઑફિસના ડિજિટલ પોર્ટલનું ઉદ્ઘાટન કરતાં કેન્દ્રીય ગૃહ અને સહકારી પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે, 'મલ્ટિ-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીનું સંચાલન કરતી સેન્ટ્રલ રજિસ્ટ્રાર ઑફિસનું કામ સંપૂર્ણપણે ડિજિટલ થઈ રહ્યું છે. આથી સહકારી ક્ષેત્રમાં વેપાર કરવો વધુ સરળ બનશે. સહકારી મંડળીઓની તમામ કામગીરી, જેવી કે નવી શાખા ખોલવી, અન્ય રાજ્યમાં વિસ્તરણ કરવું કે ઓડિટ કરવું, આ તમામ કામગીરી હવે ઓનલાઈન થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહના માર્ગદર્શન હેઠળ, 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને સાકાર કરવા અને સહકારી આંદોલનને મજબૂત કરવા માટે, સહકાર મંત્રાલયે દેશભરમાં અનેક પહેલ કરી છે. આ શ્રેણીમાં, સહકારી ક્ષેત્રમાં વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપ વા માટે, બહુ-રાજ્ય સહકારી મંડળીઓના સેન્ટ્રલ રજિસ્ટ્રારના કાર્યાલયને કોમ્પ્યુટરાઈઝ કરવા માટે એક નોંધપાત્ર પગલું લેવામાં આવ્યું છે. આ પહેલના મુખ્ય ઉદ્દેશ્યોમાં સંપૂર્ણ પેપરલેસ સિસ્ટમ લાગુ કરવી, સૉફ્ટવેર દ્વારા મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ અને નિયમોનું સ્વચાલિત પાલન સુનિશ્ચિત કરવું, વ્યવસાય કરવામાં સરળતા વધારવી, ડિજિટલ કોમ્યુનિકેશન સક્ષમ કરવું, પારદર્શિતા સુનિશ્ચિત કરવી સામેલ છે. આ પોર્ટલનો લાભ દેશની ૧,૫૫૫ બહુ-રાજ્ય સહકારી મંડળીઓને આપવામાં આવશે. આ પછી, તે જ પેટર્ન પર રાજ્યોની સહકારી મંડળીઓના રજિસ્ટ્રારની કચેરીઓને કોમ્પ્યુટરાઈઝ કરવા માટે વાટાઘાટો ચાલી રહી છે.

# વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળનાં કાર્યકર્તાઓ અને સાગબારા પોલીસનું સફળ ઓપરેશન

। દીપક જગતાપ રાજપીપળા, તા.૦૭ ।

વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ સાગબારાનાં કાર્યકરોને એક ખીચોખીચ ટ્રકમા ગૌ માતા અને બીજી ટ્રક મા ગેર કાયદેસર ભેંસો ભરીને મહારાષ્ટ્ર તરફ જાય છે એવી બાતમી મળી હતી.જે બાતમીને આધારે બજરંગદળના કાર્યકર્તાઓએ ટ્રકનો પીછો કરી ધનસેરા ચેકપોસ્ટ પર પોલીસ ની મદદ થી ટ્રક ને રોકી.. ટ્રક ની તપાસ કરતા એમાં ભેંસો. અને ગાયો ભરેલી હતી. જેમાં ભેંસો ભરેલી ગાડીઓ પકડાઈ ગઈ હતી અને ગૌ માતાની ટ્રક પલટીને પાછી ભાગી ગઈ હતી . બજરંગ દળ ના કાર્યકર્તાઓ દ્વારા ટ્રક નો પીછો કરાયો હતો.પણ સાગબારા ચોકડીથી ટ્રક ક્યાંક ગાયબ થઈ ગઈ હતી . સાગબારા પોલીસે ટ્રક ડિટેન કરી છે. અને ભેંસ ભરેલી ટ્રક અને ટ્રક ચાલક ને પોલીસ સ્ટેશને લઈ જવાયા હતાં. પવિત્ર અધિક માસ માં આ પશુઓને ક્રૂરતા પૂર્વકઠાંસી ઠાંસીને ભરીને લઈ જતાં હતાં. શું



આ પશુઓને કતલ ખાને લઈ જવાતા હતાં? એ પોલીસ માટે તપાસનો વિષય બન્યો છે.જોકે આ ક્રૂર કાર્યને આગળ વધતું અટકાવી પશુઓને બચાવી બજરંગદળ ના કાર્યકર્તાઓએ કરેલ સાહસિક કાર્યને આમ જનતાએ બિરદાવ્યું હતું. અને નિર્દોષ પશુઓનો બચાવ કર્યો હતો... શું આ પશુઓને કતલ ખાને લઈ જવાતા હતાં? એ પોલીસ માટે તપાસનો વિષય બન્યો છે.જોકે આ ક્રૂર કાર્યને આગળ વધતું અટકાવી પશુઓને બચાવી બજરંગદળ ના કાર્યકર્તાઓએ કરેલ સાહસિક કાર્યને આમ જનતાએ બિરદાવ્યું હતું. અને નિર્દોષ પશુઓનો બચાવ કર્યો હતો...

# ૮ ઓગસ્ટ, ૨૩થી એક મહિના માટે ભુજ-પાલનપુર ઇન્ટરસિટી એક્સપ્રેસ રદ્દ રહેશે

પશ્ચિમ રેલવે દ્વારા તકનિકી કારણોસર ટ્રેન નંબર ૨૦૯૨૮/૨૦૯૨૭ ભુજ-પાલનપુર-ભુજ ઈન્ટરસિટી એક્સપ્રેસ ને ૮ ઓગસ્ટ ૨૦૨૩ થી ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી રદ કરવાનો નિર્ણય લીધો છે.અને ટ્રેન નંબર ૧૯૪૦૫/૧૯૪૦૬ ગાંધીધામ-પાલનપુર-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનનો સંચાલન સમય બદલવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે.

- ટ્રેન નંબર ૨૦૯૨૮/૨૦૯૨૭ ભુજ-પાલનપુર-ભુજ ઈન્ટરસિટી એક્સપ્રેસ ૦૮ ઓગસ્ટ ૨૦૨૩ થી ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી રદ રહેશે.
- ટ્રેન નંબર ૧૯૪૦૬ ગાંધીધામ - પાલનપુર એક્સપ્રેસ ૦૮ ઓગસ્ટ ૨૦૨૩ થી ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી ગાંધીધામથી ૦૬:૦૦ કલાકને બદલે ૦૮:૧૦ કલાકે ઉપડશે અને ૧૨:૩૦ કલાક ના બદલે ૧૪:૫૦ કલાકે પાલનપુર પહોંચશે. તેવી જ રીતે, રૂટ પરના તમામ સ્ટેશનો પર આગમન-પ્રસ્થાનના સમયમાં ફેરફાર કરવામાં આવશે.
- ટ્રેન નંબર ૧૯૪૦૫ પાલનપુર - ગાંધીધામ એક્સપ્રેસ ૦૮ ઓગસ્ટ ૨૦૨૩ થી ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી પાલનપુરથી ૧૮:૦૫ કલાકને બદલે ૧૫:૪૦ કલાકે ઉપડશે અને ૦૦:૫૦ કલાક ના બદલે ૨૨:૨૦ કલાકે ગાંધીધામ પહોંચશે. તેવી જ રીતે, રૂટ પરના તમામ સ્ટેશનો પર આગમન-પ્રસ્થાનના સમયમાં ફેરફાર રહેશે. મુસાફરોને ઉપ રોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવા વિનંતી કરવામાં આવે છે. ટ્રેનની સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લો જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો, પરંતુ બાકી ના દિવસોની જેમ, આ યોજના પણ અટકાયેલી રહેશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. આજે તમારો કોઈ સબંધી કોઈ પૂર્વ સૂચના વિના તમારા ઘરે આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. તમારા બાળકો ને આજે સમય નો સારો ઉપયોગ કરવા ની સલાહ આપી શકો છો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટાથી ધન સંચિત કરવા ની સલાહ લો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.

### ચાર હજાર પેસેન્જર અટવાયા હતા

# અમદાવાદ એરપોર્ટ પર ૨૭ ફ્લાઇટ ઉડાન ન ભરી શકી

| અમદાવાદ, તા.૭ |

અમદાવાદ એરપોર્ટ પર એક એવી ઘટના બની જેના કારણે ૪ હજાર પેસેન્જર અટવાયા હતા. જ્યારે ૨૭ ફ્લાઈટ ૨ કલાક સુધી ઉડાન ભરી શકી નહોતી. જેના કારણે એરપોર્ટ પર મોટી સંખ્યામાં પેસેન્જર્સ પણ ભેગા થઈ ગયા હતા અને અફરાતફરી જોવા મળી હતી. કેટલાક પેસેન્જર્સે હોબાળો મચાવ્યો હતો. ફ્લાઈટ મોડી થતાં પેસેન્જર્સમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ઈન્ડિગોનું ચેકઈન સર્વર ઠપ થતાં મુસાફરો અટવાયા હતા. આવી ઘટના ભાગ્યે જ બનતી હોય છે. આખા દેશમાં ઈન્ડિગોની નેવીટાયર સિસ્ટમ ઠપ થઈ જતાં ચેકઈન સર્વર ધીમું પડ્યું હતું. જેના લીધે બોર્ડિંગ પાસ ઈશ્યુ ન થતાં ફ્લાઈટ ટેકઓફ થવામાં મોડું થયું હતું. આ ખામીના કારણે એક ઈન્ટરનેશનલ ફ્લાઈટ સહિત ૨૭ ફ્લાઈટ લગભગ બે કલાક સુધી ઉડાન ભરી શકી નહોતી. આ ક્ષતિ સર્જાતા એરપોર્ટ પર મોટી સંખ્યામાં પેસેન્જર્સની ભીડ એકઠી થઈ ગઈ હતી. લગભગ ૪ હજાર પેસેન્જર્સ અટવાતાં એરપોર્ટ પર અફરાતફરી જેવો માહોલ સર્જાયો હતો. લગેજ ચેકઈનનું સર્વર ખોટવાતા બોર્ડિંગ પાસની કામગીરી મેન્યુઅલી કરવી પડી હતી. જેના કારણે ટર્મિનલ પર મુસાફરોની લાંભી કતારો જોવા મળી હતી. મેન્યુઅલી બોર્ડિંગ પાસમાં વિલંબ થતાં પેસેન્જર્સ બોર્ડિંગ ગેટ પાસે પહોંચ્યા ત્યારે ફ્લાઈટ ઉડી જતાં પેસેન્જર્સ રોષે ભરાયા હતા અને હંગામો કર્યો હતો. શનિવારે બપોરના સમયે અમદાવાદ એરપોર્ટ પર આ ખામી સર્જાઇ હતી. આ ખામીને લીધે સૌથી પહેલા ગોવાની ફ્લાઈટ અટવાઈ હતી અને એક કલાક બાદ ઉડાન ભરી શકી હતી. આ ખામી સાંજના સમયે દૂર થતાં મોડી રાત સુધી ફ્લાઈટ્સ મોડી પડી હતી.

### આ સેવા પાંચ દિવસ માટે બંધ રહેશે

# પાવાગઢમાં ૧૧ ઓગસ્ટ સુધી રોપ વે સેવા બંધ રહેશે

| વડોદરા, તા.૭ |



શું તમે આ સપ્તાહમાં યાત્રાધામ પાવાગઢ મંદિર જવાનું વિચારતા હોવ તો આ સમાચાર તમારા માટે મહત્ત્વના છે. આપને જણાવીએ કે, ૧૧ ઓગસ્ટ સુધી પાવાગઢ રોપવેની મેઈન્ટેનન્સ કામગીરીના લીધે રોપવે સેવા બંધ રહેશે. જોકે, ૧૨ ઓગસ્ટ શનિવારના રોજથી રાબેતા મુજબ આ સેવા ફરીથી શરૂ કરવામાં આવશે. આ સેવા પાંચ દિવસ માટે બંધ રહેશે અને શનિવારે ફરીથી શરૂ થઈ જશે. આ અંગે તંત્ર દ્વારા જણાવવામાં આવ્યુ છે કે, તારીખ સાતમી ઓગસ્ટથી ૧૧ ઓગસ્ટ સુધી રોપ વે સેવા બંધ રહેશે. જેના કારણે દર્શનાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. રોપ વે સેવા પૂરી પાડતી ઉષા બ્રેકો કંપની દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે. મેઈન્ટેનન્સ કામગીરીના લીધે રોપવે સેવા બંધ રહેશે. છેલ્લા ઘણાં સમયથી સેવામાં ખામી આવતી હોવાના કારણે મેઈન્ટેનન્સની કામગીરીને ધ્યાને રાખી રોપવે સેવા બંધ કરવામાં આવી છે. આ માટે આગામી ૫ દિવસ રોપવે સેવા બંધ રહેશે. ૧૨ ઓગસ્ટથી પાવાગઢ રોપ વે સેવા ભક્તો માટે રાબેતા મુજબ ચાલુ થશે. નોંધનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર રાજ્યમાં ૭૪મા વનમહોત્સવનો આરંભ કરાવતા પાવાગઢથી ૬ કિલોમીટર દૂર તળેટીમાં જેપુરા ખાતે જાપાની મિયાવાકી પદ્ધતિમાં થોડો બદલાવ કરી સર્જાયેલા નાનકડા ટૂરિસ્ટ વનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. 'વનકવચ' તરીકે ઓળખાવાતું આ મિની ફોરેસ્ટ ૪૦ લાખના ખર્ચે આશરે ૧.૧ હેક્ટરમાં ૧૦૧ જાતના વિવિધ ૧૧ હજાર રોપા વાવીને આકાર પામ્યું છે, જેની ફરતે ફેન્સિંગ કરી પ્રવેશદ્વારે ચાંપાનેર સ્થાપત્યની શૈલીમાં પથ્થરનો ગેટ લગાવાયો છે.

# હોમ લોનના ઉંચા દરથી મધ્યમ વર્ગમાં હાહાકાર

| નવી દિલ્હી, તા.૭ |



છેલ્લા એક વર્ષમાં હોમ લોન સહિત તમામ પ્રકારના વ્યાજના દર એટલા બધા વધી ગયા છે કે ઘણા લોકો જરૂરી ખરીદીને મોકુફ રાખી રહ્યા છે. ખાસ કરીને હોમ લોનના વ્યાજદરમાં થયેલા ઉછાળા પછી બજેટ હોમ ખરીદનારાઓ અત્યારે ખચકાય છે અને મકાનની ખરીદી ટાળી રહ્યા છે. તેના કારણે એફોર્ડેબલ સેગમેન્ટને અસર પડી છે. દેશમાં ૫૦ લાખથી ઓછા ભાવના મકાનોના માર્કેટને સૌથી વધુ અસર થઈ છે. વ્યાજના દર વધવાના કારણે એફોર્ડેબલ હાઉસિંગ સેગમેન્ટને વધારે અસર થઈ છે. સ્થિતિ એવી છે કે મુદલ કરતા પણ વ્યાજની રકમ વધી જાય છે. તેના કારણે CREDAIએ માંગણી કરી છે કે ૭૫ લાખથી ઓછી કિંમતના ઘર ખરીદનારા લોકોને સરકાર દ્વારા વિશેષ રાહત આપવી જોઈએ. લેટેસ્ટ ડેટા દર્શાવે છે કે ૩૦ લાખ સુધીની હોમ લોન માટે વ્યાજનો દર ૨૦૨૧માં ૬.૭ ટકા ચાલતો હતો જે હવે વધીને ૯.૧૫ ટકા થયો છે. તેના કારણે ખરીદદારોએ વધારે ઉંચો EMI ચૂકવવાનો આવે છે. છેલ્લા બે વર્ષમાં EMIની રકમ લગભગ ૨૦ ટકા વધી ગઈ છે. રિપોર્ટમાં જણાવાયું છે કે જુલાઈ ૨૦૨૧માં ૩૦ લાખની હોમ લોન માટે ૨૨,૭૦૦ રૂપિયાનો માસિક હપતો આવતો હતો જે હવે ૪૬૦૦ રૂપિયા સુધી વધીને રૂ. ૨૭,૩૦૦ થયો છે. એટલે કે માસિક હપતામાં ૨૦ ટકાનો વધારો થયો છે. એકંદરે સરવાળો માંડવામાં આવે તો આખી લોન ભરાઈ જાય ત્યાં સુધીમાં વ્યાજ તરીકે ૧૧ લાખ રૂપિયા વધારે ચુકવવા પડે તેમ છે. અગાઉ જે લોનમાં વ્યાજનો હિસ્સો ૨૪.૫ લાખ હતો તે હવે વધીને ૩૫.૫ લાખ રૂપિયા થઈ ગયો છે. એટલે કે ૨૦ વર્ષ સુધી લોન ભરવામાં આવે તો કુલ વ્યાજની રકમ મુદલ કરતા પણ વધી જાય છે. ક્રેડાઈના પ્રેસિડન્ટ તેજસ જોશીએ જણાવ્યું કે, વ્યાજના દરમાં વધારો થવાના કારણે છેલ્લા એક વર્ષમાં એફોર્ડેબલ હાઉસિંગની ડિમાન્ડને અસર થઈ છે. આ સેગમેન્ટ એવું છે જે વ્યાજદરમાં વધારા અંગે બહુ સેન્સિટિવ છે. અગાઉ જ્યારે હોમ લોન પર વ્યાજના દર નીચા હતા ત્યારે આ સેગમેન્ટમાં ખરીદદારોના મોટા વર્ગને તેનું આકર્ષણ થતું હતું. પરંતુ એક પછી એક વ્યાજદરમાં વધારાના કારણે તેઓ નિર્ણય લેવાનું ટાળી રહ્યા છે. મિડ અને પ્રીમિયમ હાઉસિંગ સેગમેન્ટમાં ડિમાન્ડ મજબૂત છે. પરંતુ એફોર્ડેબલ હાઉસિંગમાં નવા લોન્ચની સંખ્યા ઘટી છે અને વેચાણને પણ અસર થઈ છે, કારણ કે તેમાં ઈન્કમ ટેક્સ એક્ટના સેક્શન ૮૦ IBનો લાભ પણ નથી મળતો. અમારી માંગણી છે કે સરકાર ૭૫ લાખ સુધીની કિંમતના મકાનોને રાહત આપીને ગ્રાહકોને દિવાળી ગિફ્ટ આપે. તાજેતરમાં પ્રોપર્ટી કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેન્કના અહેવાલ અનુસાર દેશમાં એફોર્ડેબલ હાઉસિંગના વેચાણને ફટકો પડ્યો છે.




ગયાનાના જ્યોર્જટાઉનમાં પ્રોવિડન્સ સ્ટેડિયમ ખાતે બીજી T૨૦ ક્રિકેટ મેચમાં ભારતને બે વિકેટે હરાવ્યા બાદ વેસ્ટ ઈન્ડિઝના અકેલ હોસીન અને અલ્ઝારી જોસેફ ભેટી પડ્યા.

# વડોદરામાં કચરાની ગાડીએ બાળકીનો લીધો ભોગ



| વડોદરા, તા.૭ |

શહેરમાં વધુ એક ગોઝારો અકસ્માત સામે આવ્યો છે. શહેરમાં કચરો લેવા આવનારી ગાડીએ માસૂમ બાળકી નેન્સી દેવીરાજનો ભોગ લીધો છે. જેના કારણે પરિવાર સહિત સ્થાનિકોમાં ભારે રોષ છવાયો છે. લોકો આરોપીની ધરપકડની માગ કરી રહ્યા છે. આ અક્સાત બે દિવસ પહેલા શહેરના જલારામનગર પાસે બની હતી. આ માસૂમનું અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યુ છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, વડોદરામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ડોર ટુ ડોર કચરો લેવા આવનારી ગાડીના ચાલકે બે દિવસ પહેલા ચાર વર્ષની બાળકી નેન્સી દેવીરાજને કચડી નાખી હતી. આ દુર્ઘટનામાં સારવાર દરમિયાન માસુમ બાળકીનું મૃત્યુ નીપજ્યું છે. જે બાદ પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. પોતાની વ્હાલસોયીને અકસ્માતમાં ગુમાવવાથી પરિવારજનો રોષે ભરાયા છે. શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા જલારામનગર-૨ પાસે ડોર ટુ ડોર કચરાની ગાડીના ચાલકે બેદરકારી પૂર્વક વાહન હંકાર્યુ હતુ. જેમા ગાડીને રિવર્સ લેતી વખતે ચાર વર્ષની બાળકી નેન્સી દેવીરાજને કચડી નાંખી હતી. જે બાદ ઘટના સ્થળે રાહદારીઓનું ટોળું એકઠું થઈ ગયું હતું. આ અંગે પરિવારજને વ્યથા જણાવતા કહ્યુ કે, ગઈકાલે સવારે આઠ-સવા આઠની આસપાસ કચરાની ગાડી આવી હતી. આ દરમિયાન નેન્સી ત્યાં રમી રહી હતી. કચરાની ગાડીએ તેને કચડી નાંખી હતી.

# ડુંગળીનાં ભાવ રૂ. ૧૬ થી ૨૨ રૂ. પ્રતિકીલો બોલાઈ રહ્યા છે

### ડુંગળીના ભાવમાં વધારાના અનેક કારણો છે જેમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્ણાટક રાજ્યમાં વરસાદી અસરના કારણે ભાવ વધારો મુખ્ય છે

| અમદાવાદ, તા.૭ |



ટામેટા બાદ હવે ડુંગળી સામાન્ય લોકોને રડાવશે. કહેવાય છે કે, ડુંગળીના ભાવમાં વધારો થવાનો છે. હાલમાં હોલસેલ માર્કેટમાં ડુંગળીનાં ભાવ રૂ. ૧૬ થી ૨૨ રૂ. પ્રતિકીલો બોલાઈ રહ્યા છે. એક સપ્તાહ પહેલા હોલસેલમાં પ્રતિકીલો ૧૬ થી ૧૭ પ્રતિકિલો હતો. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના ભાવ વધારો શરૂ થયો છે. છેલ્લા આઠ દિવસથી ડુંગળીના ભાવમાં એક મણ ના ૮૦ થી ૧૦૦ રૂપિયા જેવો વધારો થયો છે. સપ્ટેમ્બર મહિનામાં ડુંગળીના ભાવ આસમાને પહોંચે તેવી શક્યતાઓ છે. યાર્ડમાં જથ્થાબંધ ડુંગળીના ૩૦૦ થી ૪૦૦ રૂપિયા મણના પહોંચ્યા છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની બેથી અઢી હજાર કટાની આવક છે. ઓછી આવકના પગલે સતત ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. તો ડુંગળીના છૂટક એક કિલો ના ભાવ ૨૫ થી ૩૦ રૂપિયા એ પહોંચ્યા છે. ડુંગળીના ભાવમાં વધારાના અનેક કારણો છે જેમાં મહારાષ્ટ્ર,મધ્યપ્રદેશ, કર્ણાટક રાજયમાં વરસાદી અસરના કારણે ભાવ વધારો મુખ્ય છે. મહારાષ્ટ્રમાં વરસાદી માહોલમાં ડુંગળીનો સ્ટોક બગડ્યો હોવાથી આવક ઘટી છે. જ્યારે કર્ણાટકમાં વરસાદના અભાવે ૪૦ % જ પાક લેવાયો છે. કર્ણાટક અને મહારાષ્ટ્રમાં વરસાદી ફેક્ટર અસર કરતા ડુંગળીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. દિવાળી સુધી ડુંગળીના ભાવમાં વધારો રહે તેવું વેપારીઓનું અનુમાન છે. ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિટિક્સ રિપોર્ટ અનુસાર, માગ-પુરવઠાના અસંતુલનની અસર ઓગસ્ટના અંત સુધીમાં ડુંગળીના ભાવમાં જોવા મળે તેવી અપેક્ષા છે.

## વિશેષ લેખ

### ૩ વર્ષમાં આટલા લાખ કરોડ જમા થયા

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે વર્ષ ૨૦૨૯ સુધીમાં મુકેશ અંબાણીને ચેરમેન બનાવવાની માંગી છે મંજૂરી

### આ સિવાય કંપનીએ સરકારને આપવામાં આવેલા ટેક્સ અને લોકોને આપવામાં આવેલી રોજગારીની તકો વિશે પણ માહિતી આપી છે

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે કંપનીઓના પરિણામો જાહેર કરવાની સિઝનએ જોર પકડ્યું છે. દેશની સૌથી મોટી લિસ્ટેડ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે પણ લગભગ બે અઠવાડિયા પહેલા તેના પરિણામો જાહેર કર્યા છે અને હવે તેના શેરધારકોની વાર્ષિક સામાન્ય સભા આ મહિનાના અંતમાં યોજાવા જઈ રહી છે. પ્રસ્તાવિત છબ્બ્સ પહેલાં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ૨૦૨૨-૨૩ માટે વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો છે, જેમાં કંપનીએ ચેરમેન મુકેશ અંબાણી સહિત અનેક ટોચના અધિકારીઓના પગારની વિગતો આપી છે. આ સિવાય કંપનીએ સરકારને આપવામાં આવેલા ટેક્સ અને લોકોને આપવામાં આવેલી રોજગારીની તકો વિશે પણ માહિતી આપી છે. વાર્ષિક અહેવાલ મુજબ આ વખતે પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સૌથી વધુ કરદાતા છે. ૩૧ માર્ચ ૨૦૨૩ ના રોજ પૂરા થતા છેલ્લા નાણાકીય વર્ષ માટે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તિજોરીમાં ટેક્સ તરીકે રૂ. ૧.૭૭ લાખ કરોડનું યોગદાન આપ્યું છે. અગાઉ, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન, સૌથી મોટી કંપનીએ ટેક્સ તરીકે ૧.૮૮ લાખ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા. કંપનીએ પ્રત્યક્ષ અને પરોક્ષ કર, સ્પેક્ટ્રમ ચાર્જ વગેરે સહિત છેલ્લા ત્રણ વર્ષમાં ૫.૬૫ લાખ કરોડ રૂપિયા ખજાનામાં જમા કરાવ્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ૪૬મી વાર્ષિક સામાન્ય સભા ૨૮ ઓગસ્ટના રોજ યોજાવા જઈ રહી છે. અગાઉ, ૨૧ જુલાઈએ, કંપનીએ જૂન ક્વાર્ટરના નાણાકીય પરિણામોની જાહેરાત કરી હતી. હવે કંપનીએ એજીએમ પહેલા તેનો તાજેતરનો વાર્ષિક રિપોર્ટ જાહેર કર્યો છે. કંપનીએ આગામી પાંચ વર્ષ માટે મુકેશ અંબાણીને ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરીથી નિયુક્ત કરવાના પ્રસ્તાવ પર શેરધારકો પાસેથી મંજૂરી પણ માંગી છે. મુકેશ અંબાણી માત્ર દેશની સૌથી મોટી લિસ્ટેડ કંપનીના ટોચના એક્ઝિક્યુટિવ નથી, પરંતુ તેઓ અત્યારે ભારતના સૌથી ધનિક વ્યક્તિ પણ છે. તેઓ દાયકાઓથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો બિઝનેસ સંભાળી રહ્યા છે. એજીએમમાં ??શેરધારકોની મંજૂરી મેળવ્યા પછી, તેમને વર્ષ ૨૦૨૯ સુધી કંપનીના સીએમડી તરીકે નિયુક્ત કરવામાં આવશે. મજાની વાત એ છે કે અંબાણી તેમના કાર્યકાળ દરમિયાન કોઈ પગાર નહીં લે. કોવિડ મહામારી બાદ મુકેશ અંબાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સીએમડીની જવાબદારી સંભાળવાના બદલામાં કોઈ પગાર લઈ રહ્યા નથી. ગયા વર્ષે પણ તેણે કોઈ પગાર લીધો ન હતો.




પ્રસ્તાવિત છબ્બ્સ પહેલાં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ૨૦૨૨-૨૩ માટે વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો છે, જેમાં કંપનીએ ચેરમેન મુકેશ અંબાણી સહિત અનેક ટોચના અધિકારીઓના પગારની વિગતો આપી છે. આ સિવાય કંપનીએ સરકારને આપવામાં આવેલા ટેક્સ અને લોકોને આપવામાં આવેલી રોજગારીની તકો વિશે પણ માહિતી આપી છે. વાર્ષિક અહેવાલ મુજબ આ વખતે પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સૌથી વધુ કરદાતા છે. ૩૧ માર્ચ ૨૦૨૩ ના રોજ પૂરા થતા છેલ્લા નાણાકીય વર્ષ માટે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તિજોરીમાં ટેક્સ તરીકે રૂ. ૧.૭૭ લાખ કરોડનું યોગદાન આપ્યું છે. અગાઉ, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન, સૌથી મોટી કંપનીએ ટેક્સ તરીકે ૧.૮૮ લાખ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા. કંપનીએ પ્રત્યક્ષ અને પરોક્ષ કર, સ્પેક્ટ્રમ ચાર્જ વગેરે સહિત છેલ્લા ત્રણ વર્ષમાં ૫.૬૫ લાખ કરોડ રૂપિયા ખજાનામાં જમા કરાવ્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ૪૬મી વાર્ષિક સામાન્ય સભા ૨૮ ઓગસ્ટના રોજ યોજાવા જઈ રહી છે. અગાઉ, ૨૧ જુલાઈએ, કંપનીએ જૂન ક્વાર્ટરના નાણાકીય પરિણામોની જાહેરાત કરી હતી. હવે કંપનીએ એજીએમ પહેલા તેનો તાજેતરનો વાર્ષિક રિપોર્ટ જાહેર કર્યો છે. કંપનીએ આગામી પાંચ વર્ષ માટે મુકેશ અંબાણીને ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરીથી નિયુક્ત કરવાના પ્રસ્તાવ પર શેરધારકો પાસેથી મંજૂરી પણ માંગી છે. મુકેશ અંબાણી માત્ર દેશની સૌથી મોટી લિસ્ટેડ કંપનીના ટોચના એક્ઝિક્યુટિવ નથી, પરંતુ તેઓ અત્યારે ભારતના સૌથી ધનિક વ્યક્તિ પણ છે. તેઓ દાયકાઓથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો બિઝનેસ સંભાળી રહ્યા છે. એજીએમમાં ?? શેરધારકોની મંજૂરી મેળવ્યા પછી, તેમને વર્ષ ૨૦૨૯ સુધી કંપનીના સીએમડી તરીકે નિયુક્ત કરવામાં આવશે. મજાની વાત એ છે કે અંબાણી તેમના કાર્યકાળ દરમિયાન કોઈ પગાર નહીં લે. કોવિડ મહામારી બાદ મુકેશ અંબાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સીએમડીની જવાબદારી સંભાળવાના બદલામાં કોઈ પગાર લઈ રહ્યા નથી. ગયા વર્ષે પણ તેણે કોઈ પગાર લીધો ન હતો. પ્રસ્તાવિત છબ્બ્સ પહેલાં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ૨૦૨૨-૨૩ માટે વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો છે, જેમાં કંપનીએ ચેરમેન મુકેશ અંબાણી સહિત અનેક ટોચના અધિકારીઓના પગારની વિગતો આપી છે. આ સિવાય કંપનીએ સરકારને આપવામાં આવેલા ટેક્સ અને લોકોને આપવામાં આવેલી રોજગારીની તકો વિશે પણ માહિતી આપી છે. વાર્ષિક અહેવાલ મુજબ આ વખતે પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સૌથી વધુ કરદાતા છે. ૩૧ માર્ચ ૨૦૨૩ ના રોજ પૂરા થતા છેલ્લા નાણાકીય વર્ષ માટે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તિજોરીમાં ટેક્સ તરીકે રૂ. ૧.૭૭ લાખ કરોડનું યોગદાન આપ્યું છે. અગાઉ, નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન, સૌથી મોટી કંપનીએ ટેક્સ તરીકે ૧.૮૮ લાખ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા. કંપનીએ પ્રત્યક્ષ અને પરોક્ષ કર, સ્પેક્ટ્રમ ચાર્જ વગેરે સહિત છેલ્લા ત્રણ વર્ષમાં ૫.૬૫ લાખ કરોડ રૂપિયા ખજાનામાં જમા કરાવ્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ૪૬મી વાર્ષિક સામાન્ય સભા ૨૮ ઓગસ્ટના રોજ યોજાવા જઈ રહી છે. અગાઉ, ૨૧ જુલાઈએ, કંપનીએ જૂન ક્વાર્ટરના નાણાકીય પરિણામોની જાહેરાત કરી હતી. હવે કંપનીએ એજીએમ પહેલા તેનો તાજેતરનો વાર્ષિક રિપોર્ટ જાહેર કર્યો છે. કંપનીએ આગામી પાંચ વર્ષ માટે મુકેશ અંબાણીને ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરીથી નિયુક્ત કરવાના પ્રસ્તાવ પર શેરધારકો પાસેથી મંજૂરી પણ માંગી છે. મુકેશ અંબાણી માત્ર દેશની સૌથી મોટી લિસ્ટેડ કંપનીના ટોચના એક્ઝિક્યુટિવ નથી, પરંતુ તેઓ અત્યારે ભારતના સૌથી ધનિક વ્યક્તિ પણ છે. તેઓ દાયકાઓથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો બિઝનેસ સંભાળી રહ્યા છે. એજીએમમાં ??શેરધારકોની મંજૂરી મેળવ્યા પછી, તેમને વર્ષ ૨૦૨૯ સુધી કંપનીના સીએમડી તરીકે નિયુક્ત કરવામાં આવશે. મજાની વાત એ છે કે અંબાણી તેમના કાર્યકાળ દરમિયાન કોઈ પગાર નહીં લે. કોવિડ મહામારી બાદ મુકેશ અંબાણી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સીએમડીની જવાબદારી સંભાળવાના બદલામાં કોઈ પગાર લઈ રહ્યા નથી. ગયા વર્ષે પણ તેણે કોઈ પગાર લીધો ન હતો.

**ન્યૂઝ બ્રિફ**

## એસટી બસમાં લેપટોપના ઉપયોગ બદલ ભાડું લેવાયું

। અમદાવાદ,તા.૭ ।

ગુજરાતભરમાં રોજ લાખો લોકો એસટી બસમાં મુસાફરી કરતા હોય છે. લગભગ રોજ ૨૫ લાખ જેટલા મુસાફરો એસટી બસનો લાભ લે છે. તમે પણ એસટી બસમાં મુસાફરી જરૂર કરી હશે. એસટી બસમાં મુસાફરી કરતી વખતે કેટલીકવાર કોઈ વ્યક્તિને તમે લેપટોપ પર કામ કરતા પણ જોયા જ હશે. ત્યારે આજે અરવલ્લી જિલ્લાના મોડાસામાંથી વિચિત્ર ઘટના સામે આવી છે. વાસ્તવમાં એસટી બસમાં લેપ ટોપનો ઉપયોગ કરવા બદલ મુસાફર પાસેથી ૮૮ રૂપિયા ભાડું વસુલવામાં આવતા એસટી બસના કંડક્ટર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. અંતોલી-અમદાવાદની જી બસમાં મોડાસાના બેંક કર્મચારીને ખરાબ અનુભવ થયો. મોડાસાથી અમદાવાદ જતી બસમાં કંડક્ટરે બેંક કર્મચારી પાસેથી બસમાં લેપટોપ વાપરવા બદલ ૮૮ રૂપિયા ભાડું લીધું હતું. બસમાં લેપટોપ વાપરવા બદલ ભાડું લેવામાં આવતા બેંક કર્મચારી હચમચી ગયા હતા. જે બાદ તેઓએ સોશિયલ મીડિયા દ્વારા સમગ્ર મામલો બહાર લાવવા પ્રયાસ કરાયો હતો. આ અંગેની જાણ જી વિભાગને થતાં એસટી વિભાગ દ્વારા બસના કંડક્ટર સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ અંગે મોડાસા એસટી બસ સ્ટેન્ડના ડેપો મેનેજર એચ.આર. પટેલે જણાવ્યું કે, તારીખ ૫/૦૮/૨૦૨૩ના રોજ અંતોલી-અમદાવાદ લોકલ બસમાં કંડક્ટર દ્વારા લેપટોપની જે ટિકિટ આપવામાં આવેલ છે.

## ડીંડોલી વિસ્તારમાંથી બાંગ્લાદેશી યુવક અને યુવતી ઝડપાઈ ગયા

। સુરત,તા.૭ ।

ડીંડોલી વિસ્તારમાંથી બાંગ્લાદેશી યુવક અને યુવતી ઝડપાયા હોવાની ઘટના સામે આવી છે. ડીંડોલીના આરડી નગરમાં હિન્દુ નામ રાખીને ભાડાના મકાનમાં રહેતા હતા. જે અંગે શંકા જતા સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી. લોકોની રજૂઆત બાદ પોલીસે બંનેની પૂછપરછ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ આરડી નગરમાં હિન્દુ નામ રાખી ભાડે રહેતા યુવાન અને યુવતી અંગે સ્થાનિકોને શંકા જતા જે વ્યક્તિના મકાનમાં રહેતા હતા તેમને પંદર દિવસ અગાઉ પણ જાણ કરવામાં આવી હતી, પરંતુ તેઓએ કોઈ કાર્યવાહી કરી ન હતી. જેને ધ્યાને લઈ આજે સોસાયટીના નાગરિકો અને હિન્દુ સંગઠનો દ્વારા તેનો વિરોધ કરી ડીંડોલી પોલીસ સ્ટેશનના હવાલે કરવામાં આવ્યા હતા.




ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલ પાસે ગાંજાનો છોડ મળી આવ્યો હતો. જેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી.

### રાજ્યમાં મેઘરાજાની ફરી એન્ટ્રીની તૈયારી

## રાજ્યમાં સિઝનનો ૭૯.૮૩ ટકા નોંધાયેલો વરસાદ

। અમદાવાદ, તા.૭ ।



ગુજરાતમાં બીપરજોય વાવાઝોડા બાદ ચોમાસાની જબરદસ્ત એન્ટ્રી થઈ હતી. વરસાદના ત્રણ રાઉન્ડમાં રાજ્યના નદી નાળા છલકાઈ ગયા હતાં અને જળાશયોમાં નવા નીર આવ્યા હતાં. ત્યારે કેટલાક દિવસથી શાંત થયેલા મેઘરાજા હવે ફરીવાર ૫ ધારવાની તૈયારીમાં છે. રાજ્યમાં વરસાદના ત્રણ રાઉન્ડની વાત કરીએ તો અત્યાર સુધીમાં ૭૯.૮૩ ટકા નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૩૫.૮૦ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૦૯.૪૬ ટકા ઉત્તર ગુજરાતમાં ૬૬.૮૫ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૭૦.૫૦ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૬૩.૪૭ ટકા મોસમનો કુલ સરેરાશ વરસાદ વરસ્યો છે. રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૭૨.૨૬ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જેમાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં ૨૫૧૧૮૪ એમ.સી.એફ.ટી. જળસંગ્રહ છે જે કુલ જળસંગ્રહ શક્તિના ૭૫.૧૯ ટકા જેટલો જળસંગ્રહ થયો છે.

### અમદાવાદ ટ્રાફિક પોલીસનું મિશન ક્લીન રોડ

## ટ્રાફિક પોલીસ-AMCની કાર્યવાહીથી અમદાવાદના વેપારીઓમાં રોષ જોવાયો

### તંત્ર દુકાનની બહાર એક લાઈનનો પટ્ટો કરી આપે કે જ્યાં લોકો પાર્કિંગ કરી શકે તો ગ્રાહકો આવે

। અમદાવાદ,તા.૭ ।

અમદાવાદમાં ટ્રાફિક અને આડેધડ પાર્કિંગને લઈને ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસ એક્શનમાં આવી છે. ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે ટ્રાફિક ક્લિયર કરવા માટે કેટલાક મહત્વના નિર્ણયો પણ લીધા છે, જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમને પણ સાથે રાખી કામગીરી કરવાનું શરૂ કરી દીધું છે. ટ્રાફિક પોલીસ અને AMCની કાર્યવાહીથી વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. અમદાવાદના અંકુર વિસ્તારમાં ટ્રાફિક પોલીસ અને AMCની કાર્યવાહીથી વેપારીઓ રોષે ભરાયા છે.

### સરકારી ઇમારતોમાં ફાયર સેફ્ટીના સાધનો જ નથી

## ભાવનગર શહેરમાં સરકારી કચેરીમાં આવતા લોકો જાણે "રામ ભરોસે"

### રેલવે સ્ટેશન, એરપોર્ટ, રેલવે હોસ્પિટલને તાત્કાલિક ફાયર સેફ્ટીના સાધનો ફિટ કરાવવા નોટિસ ફટકારી છે

। ભાવનગર,તા.૭ ।

ભાવનગર શહેરમાં સરકારી કચેરીમાં આવતા લોકો જાણે રામ ભરોસે છે. આવુ એટલા માટે લાગી રહ્યુ છે કેમ કે દરરોજ હજારો લોકોની અવરજવર થતી હોય તેવી સરકારી ઈમારતોમાં ફાયર સેફ્ટીના સાધનો જ નથી. અનેક સરકારી ઈમારતોમાં ફાયર સેફ્ટીના સાધનો નથી. જેના કારણે મહાનગરપાલિકાના ફાયર સેફ્ટી અને ઈમરજન્સી વિભાગે શહેરમાં આવેલી અનેક સરકારી ઈમારતોને નોટિસ ફટકારી છે. રેલવે સ્ટેશન, એરપોર્ટ, રેલવે હોસ્પિટલને તાત્કાલિક ફાયર સેફ્ટીના સાધનો ફિટ કરાવવા નોટિસ ફટકારી છે. જો ટુંક સમયમાં ફાયરના સાધનો લગાવવામાં નહીં આવે તો કાયદેસરની કાર્યવાહી કરાશે.

જી. જી. હોસ્પિટલમાં જૂલાઈ માસમાં ૭૬ હજારથી વધુ દર્દીઓએ સારવાર લીધી છે. રોગચાળો વકરતા હોસ્પિટલમાં કેસ નોંધાવવા માટે અને દવા લેવા માટે લાંબી કતાર જોવા મળે છે. આ દર્દીઓને ઝડપથી સારવાર મળે તે માટે આરોગ્ય તંત્ર દ્વારા પણ તૈયારીઓ કરવામાં આવી છે.

## ગુજરાતની યુવા પેઢી બરબાદ થઈ રહી છે : અમિત ચાવડા



। અમદાવાદ,તા.૭ ।

નકલી સિરપ અને ડ્રગ્સ મુદ્દે કોંગ્રેસ નેતા અમિત ચાવડા સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. અમિત ચાવડાએ કહ્યું કે, નશાનો વેપાર રાજ્યમાં ડબલ ગતિએ ચાલી રહ્યો છે. ૪૦ હજાર કરોડથી વધુનું ડ્રગ્સ ગુજરાતમાંથી પકડાયું છે તેમજ સાણંદ ફાર્મા ફેક્ટરીમાંથી ડ્રગ્સ કન્ટેનર નિકાસ કરવાની વાત હતી પરંતુ દ્રઝ્મ્ની તપાસમાં કન્ટેનર એક્સપોર્ટ કરવાનું હોવાની વાત સામે આવી છે. ચાવડાએ ઉમેર્યુ કે, ફેક્ટરી અને ડાયરેક્ટરને ઝડપી કોર્ટમાં રજૂ કરવામાં આવે અને દ્રઝ્મ્ની કાર્યવાહી છતા સરકાર કેમ ચૂપ છે. હપ્તાખોરી અને મિલીભગતથી ઉડતા ગુજરાત બની રહ્યુ છે. અમિત ચાવડાએ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, ગુજરાતમાં ડબલ એન્જિન સરકારમાં જે રીતે નશાનો વ્યપાર ડબલ ગતિથી વધી રહ્યો છે. તેના કારણે ગુજરાતની યુવા પેઢી બરબાદ થઈ રહી છે. સરકાર પર પ્રહાર કરતા અમિત ચાવડાએ જણાવ્યું કે, જે રીતે ગુજરાતમાં ડ્રગ્સ દરિયાકાંઠેથી પકાડયું છે તે રીતે કઈ શકાય છે કે, ત્યાં અત્યાર સુધી વિદેશથી લેન્ડિગ થતું હતું અને જેવો ખ્યાલ સમગ્ર દેશ અને દુનિયાને આવ્યો હતો. જેનાથી આગળ વધી હવે ગુજરાત લેન્ડિગ હબથી પ્રોસેસિંગ હબ બનવા જઈ રહ્યો છે. સાથે સાથે જે હકિકતો આવી રહી તેમજ જે આંકડા જોતા ગુજરાત ડ્રગ્સનો એક્સપોર્ટ માટેનું હબ પણ બને તે દિશામાં આગળ વધી રહ્યો છે. પહેલાં માત્ર દારૂનું દૂષણ હતું અને હવે ડ્રગ્સનું દૂષણ વધ્યું છે. હપ્તાખોરી, મિલિભગતના કારણે આજે રાજ્ય ઉડતા ગુજરાત બની ગયું તેમ પણ અમિત ચાવડા કહ્યું હતું.

### સુરતમાં એમડી ડ્રગ્સની હેરફેરી યથાવત

## સુરતમાં પ્રતીબંધિત એમડી ડ્રગ્સ સાથે ૩ ઈસમો ઝડપાયા

### પોલીસે તમામ ૩ આરોપીઓને કાર સહીત રૂપિયા ૭.૯૬ લાખના મુદામાલ સાથે ઝડપી પાડ્યા હતા



। સુરત,તા.૭ ।

સુરતમાં પ્રતીબંધિત એમડી ડ્રગ્સ સાથે ૩ ઈસમો ઝડપાયા છે. સુરતમાં ખટોદરા પોલીસ અને એલસીબી ઝોન ૪ ની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ૩ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી પ્રતીબંધિત ૬૭,૬૦૦ રૂપિયાની કિમંતનું ૬.૭૬૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ, એક ફોરવ્હીલ સહીત કુલ ૭.૯૬ લાખનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે.સુરતમાં બાતમીના આધારે ખટોદરા પોલીસ અને એલસીબી ઝોન ૪ ની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ઉધના દરવાજા જૂની સબજેલની બાજુમાં આવેલી સરકારી વસાહત પાસેથી ફોરવ્હીલ કાર લઈ પસાર થઈ રહેલા અરબાઝ અબ્દુલ રહીમ પટેલ, રેહાન મોહમદ યાકુબ મેવાવાલા તથા મોહમદ એઝાઝ મોહમદ ઈમ્તિયાઝ શેખને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી પ્રતીબંધિત ૬૭,૬૦૦ રૂપિયાની કિમંતનું ૬.૭૬૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ મળી આવ્યું હતું જેથી પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી એમડી ડ્રગ્સ, અંગઝડતીના રોકડા રૂપિયા ૨૦ હજારની કિમતના ૩ મોબાઈલ, ૭ લાખની કિમતની એક ફોરવ્હીલ કાર મળી કુલ ૭.૯૬ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ઝડપાયેલા આરોપીઓની કડક પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે આરોપીઓ વિરાર મુંબઈ ખાતે રહેતા તેના મિત્રો સાહિલ ઉર્ફે ઈમ્મુ, ઈસ્કાઈલ તથા મોટા નામના વ્યક્તિ પાસેથી એમડી ડ્રગ્સ લાવ્યા હતા. હાલ આરોપીઓ વિરુદ્ધ ખટોદરા પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે તેમજ આ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ આજની યુવા પેઢી ડ્રગ્સથી દુર રહે અને લોકો જાગૃત થાય તે માટે સુરતમાં પોલીસ દ્વારા સે નો ટુ ડ્રગ્સ રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ રેલી દ્વારા લોકોમાં અવેરનેસ લાવવા માટે પોલીસકર્મીઓ સાથે વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. અવેરનેસ બેનરો સાથે આ રેલી કારગીલ ચોકથી નીકળી હતી અને વિવિધ વિસ્તારોમાં ફરી હતી. આ રેલીમાં ખાસ એનસીબીના ઝોનલ ડીરેક્ટર અને સુરત પોલીસ કમિશ્નર ઉપસ્થિત રહ્યા હતા.

### MLA કેશાજી ચૌહાણના કાર્યક્રમમાં બબાલ

## દિયોદરમાં MLAની હાજરીમાં જ ખેડૂત પર થયેલો હુમલો

। બનાસકાંઠા,તા.૭ ।

બનાસકાંઠાના દિયોદર ગામે એક કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય કેશાજી ચૌહાણની હાજરીમાં તેમના જ સમર્થકોએ એક ખેડૂત આગેવાન પર હુમલો કર્યો છે. ધારાસભ્યની હાજરીમાં ખેડૂત પર હુમલો થતાં દિયોદરમાં આ મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે.ધારાસભ્ય કેશાજી ચૌહાણને સમસ્યાની રજૂઆત કરવા ગયેલા ખેડૂત પર MLAના સમર્થકોએ હુમલો કર્યો છે. અટલ ભૂજલ યોજના માટેનો આ કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં ધારાસભ્ય પણ ઉપસ્થિત હતા જને લઈ અમરાભાઈ નામના ખેડૂત આગેવાન MLAને કેટલીક સમસ્યાની રજૂઆત માટે ગયા હતા. જ્યાં ધારાસભ્યના સમર્થકોએ એકાએક હુમલો કર્યો હતો અને ખેડૂત આગેવાનને ઉપરા છાપરી લાફા ઝીંકતાનો વીડિયો પણ સામે આવ્યો છે. પંથકમાં લોક ચર્ચા એવી પણ છે કે, આ સમગ્ર મામલો ધારાસભ્ય કેશાજી ચૌહાણ ટગર ટગર જોતા રહ્યાં.















માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨